R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૭મું

VOLUME : 02 • ISSUE : 10 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH MARCH 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# સ્મરણાંજલિ





જન્મ
૨૭ નવેમ્બર, ૧૯૫૭



દેહવિલય
૨૩ માર્ચ, ૨૦૦૨

## શ્રી પ્રફુલ ચાંપશી શિયાલ

**ભાંડુપ / મુલુંડ - દલતુંગી**

મહેકમાં મહેક મળી જાય તો મૃત્યુ ન કહો,
તેજમાં તેજ મળી જાય તો મૃત્યુ ન કહો,
રાહ જુદો જો ફંટાય તો મૃત્યુ ન કહો,
શ્વાસની લીલા સમેટાય તો મૃત્યુ ન કહો.
દીર્ઘ યાત્રની જરૂરતથી સજ્જ થઈ જઈને,
એક મંઝિલની લગન આંખે ઉતરવા દઈને,
ભાનની ક્ષણને કાળજીથી સમેટી લઈને,
'આવજો' કહીને કોઈ જાય તો મૃત્યુ ન કહો.
જે નરી આંખે જણાયું ન એ તત્વ કળવા,
જે અગોચર છે એ અસ્તિત્વને હરદમ મળવા,
દૂર દુનિયાના રહસ્યોનો તાગ મેળવવા,
દ્રષ્ટી જો આંખથી છલકાય તો મૃત્યુ ન કહો.
શબ્દ ક્યાં પહોંચે છે તે જાતે નિરખવા માટે,
ભાનની સૃષ્ટીની સીમાને પરખવા માટે,
દિલના વિસ્તારની દુનિયાઓમાં વસવા માટે,
કોઈ મહેફીલથી ઊઠી જાય તો મૃત્યુ ન કહો.

- હરીન્દ્ર દવે





**આપનો પરિવાર**

**રેખા પ્રફુલ શિયાલ**

**જીગ્નેશ પ્રફુલ શિયાલ**
**ઉર્વિ જીગ્નેશ શિયાલ**

**ફાલ્ગુની અજય લોડાયા**
**અજય રતિલાલ લોડાયા**

**ચિ. આરોહી જીગ્નેશ શિયાલ**
**ચિ. અલાયના જીગ્નેશ શિયાલ**

# : પુણ્ય સ્મરણ :

## પ્રથમ પુણ્યતીથીએ ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ :
તા. ૨૨-૦૫-૧૯૨૭

અરિહંત શરણ :
તા. ૨૭-૦૩-૨૦૨૧

## આત્મગૌરવી (અધા) શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી મોતા

**મળે છે દેહ માટીમાં પણ માનવીનું નામ જીવે છે.**
**વિદાય લે છે. માનવી પોતે પણ માનવીનું કામ જીવે છે.**

આપનું જીવન અમારી પ્રેરણા...
આપનાં આદર્શ અમારા માર્ગદર્શન...
આપનો પ્રેમ કદી ભૂલાશે નહિ...
ખોટ આપની કદી પુરાશે નહિ.
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, અંજલિ આપતા હૈયું તુટે છે.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા.

**આપની છત્રછાયા અને આપના આર્શિવાદને સદાય ઝંખતા આપના સ્વજનો....**

જીવનસંગીની : **શ્રીમતી રાજબાઈ લક્ષ્મીચંદભાઈ મોતા**

પુત્રવધુ-પુત્ર : દક્ષાબેન ધીરેન લક્ષ્મીચંદ મોતા
પૌત્ર-પૌત્રી : ચિ. લીપીશા, ચિ. યશ,
અ.સૌ. અનિષા દર્શ મહેતા
સુપુત્રી-જમાઈ : શ્રીમતી દમયંતીબેન અને શ્રી પુષ્કર મોમાયા
સુપુત્રી-જમાઈ : શ્રીમતી ગીતાબેન અને શ્રી સુરેન લોડાયા
સુપુત્રી-જમાઈ : શ્રીમતી સરલાબેન અને શ્રી પ્રફુલ લાલકા
સુપુત્રી-જમાઈ : શ્રીમતી દક્ષાબેન અને શ્રી હર્ષદ દાવડા

દોહિત્ર-દોહિત્ર વધુ : અ.સૌ. વર્ષા રસ્કીન મોમાયા, અ.સૌ. હિરલ મીહિર લાલકા,
અ.સૌ. પૂર્ણા અદીત દાવડા અને ચિ. દીગત
દોહિત્રી-દોહિત્ર વર : અ.સૌ. જસ્મીન કૃનાલ ગોસર
અ.સૌ. હિરલ સચીન દેઢીયા,
અ.સૌ. ઝિનલ પ્રસીન જોબાલીયા
અ.સૌ. આકૃતિ જીગર લોડાયા
પરદોહિત્ર-દોહિત્રી : તનુષ્કા, હિદય, નીવ, સમ્યક,
જીયા, રીયાન, ક્રીશ, જેસના, રૂદ્ર

તંત્રી સ્થાનેથી

# હોપ ૧૦૦૦



**- ડૉ. હીરાચંદ દંડ**

ઇ.સ. ૧૯૯૪માં શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા (આપણી જ્ઞાતિના આઈ.આર.એસ. ઓફિસર) કે જેમની તે વખતે મુંબઈ ઇન્કમટેક્ષના ચીફ કમિશનર તરીકે બદલી થઇ હતી. તેઓ હંમેશા જ્ઞાતિ ઉત્કર્ષ માટે સ્વપ્ન સેવતા અને લાંબા સમયથી જ્ઞાતિ માટે કાર્ય કરી રહ્યા હતા. જ્ઞાતિજનોને મુંબઇમાં રહેઠાણ ઉપલબ્ધ કરાવવાનું એમનું સપનું હતું.

ઇ.સ. ૧૯૯૫માં શ્રી તિલકભાઇએ શ્રી કુલિનકાંત પીર, શ્રી અમૃત લધાભાઇ મોમાયા, શ્રી અશોક વેરશી મોતા, શ્રી તરૂણ ધરમશી, શ્રી ચીમન ખોના, શ્રી ચંદ્રકાંત નાગડા, શ્રી સી.એમ. શાહ, શ્રી દેવચંદ શામજી ધરમશી, સીએ. નરેશ ભવાનજી શાહ, શ્રી પદમશી સોની, શ્રી મણીકાંત હીરજી ધુલ્લા, સ્વ. શ્રી રાયચંદ હંસરાજ ધરમશી, સ્વ. શ્રી હીરાચંદ મૈશેરી, સ્વ. શ્રી મુલચંદ ખોના અને સ્વ. શ્રી જયંત સોની એમ કુલ ૧૬ વ્યક્તિઓ દ્વારા એસોસિએશન ઓફ પર્સન્સનું ગઠન કરવામાં આવ્યું. પાછળથી ૧૬માંથી શ્રી દેવચંદ ધરમશી, શ્રી પદમશી સોની, શ્રી મણીકાંત ધુલ્લા અને સીએ. નરેશ શાહે રાજીનામું આપ્યું તેમજ અમુક સભ્યો અરિહંતશરણ થયા છે. એટલે વર્તમાનમાં આઠ સભ્યો દ્વારા આ એ.ઓ.પી.નું સંચાલન થઇ રહ્યું છે.

હોપ-૧૦૦૦ પ્રકલ્પમાં અત્યાર સુધી અનેક વિઘ્નો આવ્યા છે. અગાઉ જેમને પ્લોટધારકો કહેવામાં આવતા હતા તેવા ૧૧૫ વ્યક્તિઓને પ્લોટ એલોટ કરવામાં આવેલા છે અને શ્રી રાજેશ પ્રેમજી શાહ, શ્રી મુકેશ દામજી મૈશેરી, શ્રી નરેન્દ્ર શિયાલ, શ્રી તિલેશ મૈશેરી અને શ્રી મહેન્દ્ર ડુંગરશી મોમાયા, એમના પ્રતિનિધીઓ છે. લાંબા સમયથી આઠ એ.ઓ.પી.ના સભ્યો તથા ૧૧૫ એલોટીના પાંચ પ્રતિનિધીઓ આ પ્રકલ્પને પરીપુર્ણ કરવા સખત મહેનત કરી રહ્યાં છે.

હવે એવું લાગી રહ્યું છે કે ક.દ.ઓ. જ્ઞાતિની આ આશા નીકટના ભવિષ્યમાં ફળશે. તા. ૨ જાન્યુઆરી-૨૨ના શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થી ગૃહમાં મળેલી પ્લોટ એલોટીની સભામાં ફાઇનલ સ્કીમ નક્કી થઇ ગઇ છે અને થોડું ઓછું વત્તુ કરીને પણ બિલ્ડર સાથે નક્કી કરી નાખવું છે. એવું જાણવા મળ્યું છે કે કુલ્લ ૧૧૫ જ્ઞાતિજનો કે જેમણે ૨૮ વરસ પહેલા આ પ્રકલ્પમાં મુડી રોકાણ કર્યું હતું, તેમને લગભગ એક કરોડ રૂપિયાની મિલકત (રહેઠાણ) મળશે તથા ૨૦૦ થી વધુ ક.દ.ઓ. પરિવારોને મફત અથવા તો રાહત દરે ઘર મળશે.

હવે જ્ઞાતિજનો કે જેમણે કલ્પતરૂ વૃક્ષ યોજનામાં રોકાણ કર્યું છે, તેઓ પણ રાહ જોઇ રહ્યાં છે કે તેમને પણ તેમણે કરેલું મુડી રોકાણ યોગ્ય વળતર સાથે પરત મળે. સમગ્ર જ્ઞાતિ આ અંગે સંપુર્ણ પારદર્શિતાથી સત્ય જાણવા ઇચ્છે છે. અનેક ઓછી આવક ધરાવતા જ્ઞાતિજનોએ પણ વ્યવસ્થાપકો ઉપર વિશ્વાસ રાખીને રોકાણ કર્યું હતું. રોકાણકારોનો વિશ્વાસ ડગમગી ગયો છે અને રોકાણકારોનો વિશ્વાસ પ્રાપ્ત કરવો એ ખૂબ જ મહત્વનું છે.

એવી જ રીતે ઐરોલી વાડી સાથેના અન્ય જે કોઇપણ પ્રકલ્પો અધુરા હોય તે જલદીથી પુર્ણ થવા જરૂરી છે.

આવો, સાથે મળી સખત પરિશ્રમ કરીએ અને જ્ઞાતિમાં હકારાત્મકતા પાછી લાવીએ.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડિટર્સ :** CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૨, અંક : ૧૦, તા. ૨૦-૦૩-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંકઅકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti

For Mobile App Transfer
Our MMID Code : 8359011

You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# મળવા જેવા માણસ...

## ડૉ. હેમરાજ વિરમભાઈ શાહ(છેડા) - સામખીયારી (મુંબઈ)



આજે હું તમને એક એવી વ્યક્તિ વિશે જણાવીશ કે જેઓ કચ્છીઓ – ગુજરાતીઓમાં સુપ્રસિદ્ધ છે. હું વાત કરી રહ્યો છું ડૉ. હેમરાજ વિરમભાઈ શાહ(છેડા)ની કે જેઓ ૮૧ વરસની ઉંમરે પણ પચ્ચીસ વરસના યુવાનની જેમ કાર્યરત છે. તેમનો જન્મ ૨૨ માર્ચ ૧૯૪૧માં સામખીયારી-કચ્છમાં થયો. તેમના માતુશ્રી ધનલક્ષ્મીબેન તથા પિતાશ્રી વિરમભાઈનું અવસાન થયું ત્યારે હેમરાજભાઈ ફક્ત એક વર્ષના જ હતા. તેમનો ઉછેર તેમના મોટાભાઈ-ભાભીએ કર્યો. તેમના મોટા ભાઈ સાથે જ હેમરાજભાઈ ૭૫ વરસ પહેલા મુંબઈ આવ્યા અને સાચા મુંબઈકર બની રહ્યા. હેમરાજભાઈએ જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા પરંતુ તેઓ ખડકની જેમ મક્કમ રહ્યાં. તેમણે શાળાકીય શિક્ષણ મુંબઈમાં જ લીધા પછી જે. જે. કૉલેજ ઑફ એપ્લાઈડ આર્ટ્સમાં પ્રવેશ લીધો પરંતુ પારિવારીક પરિસ્થિતિના કારણે અભ્યાસ છોડી દેવો પડ્યો.







હેમરાજભાઈ શું છે? પત્રકાર, સામાજિક કાર્યકર, રાજકારણી, વેપારી, લેખક?? તેઓ 'ઑલ ઈન વન' છે. તેમણે અભ્યાસ છોડ્યા પછી નાનકડા પગારથી કામ કરવાનું શરૂ કર્યું. ત્યારબાદ બુક સ્ટોર શરૂ કર્યો અને પછી તેઓ સ્ટેશનરી, પ્રીટીંગ અને નોટબુક તથા પ્રકાશનના ધંધામાં પ્રવેશ્યા. વેપાર ધંધાની સાથેસાથે તેમણે સમાચાર પત્રોમાં લખવાનું પણ શરૂ કર્યું અને ફક્ત ૩૬ વરસની ઉંમરે તેમણે 'કચ્છ શક્તિ' નામનું દૈનિક ગુજરાતી પત્ર પણ શરૂ કર્યું. તેઓ ભારતમાં સમાચારપત્રોના તંત્રી બનનારા સૌથી નવયુવાન વ્યક્તિ છે. હવે કચ્છ શક્તિ વાર્ષિક તરીકે પ્રકાશિત થાય છે. તેમણે મુંબઈ સમાચાર તથા જન્મભૂમિમાં પંદર વર્ષો સુધી કટારલેખન કર્યું છે. અત્યાર સુધી તેમણે ૫૦ જેટલા પુસ્તકો નું લેખન-સંપાદન કર્યું છે જે ખૂબ મોટી સફળતા ગણાય. તેઓ રાષ્ટ્રવાદી કોંગ્રેસના પ્રવક્તા રહી ચુક્યા છે અને અત્યારે શિવસેનામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યાં છે. હેમરાજભાઈ તેમના પક્ષના તથા અન્ય પક્ષના રાજકીય આગેવાનો સાથે ખૂબજ નીકટના સંબંધો ધરાવે છે. તેમના દ્વારા આયોજિત થતા સમારંભોમાં અલગ અલગ પક્ષોના રાજકીય નેતાઓ એક જ મંચ પર જોવા મળે છે. તેઓ અનેક સામાજિક સંસ્થાઓ સાથે પણ જોડાયેલા છે. તેમજ અનેક સરકારી વિભાગો દ્વારા અનેક મહત્ત્વપૂર્ણ સમિતીઓમાં પણ નિયુક્ત થયા છે. આવો, હવે આપણે હેમરાજભાઈ પાસેથી જ તેમની સફર વિશે જાણીએ.

**પ્ર.સ.:** આપશ્રીએ કચ્છી સમાજ માટે ઘણું કામ કર્યું છે એ વિશે ટુંકમાં જણાવશો?

**હેમરાજભાઈ :** ૧૯૬૫માં મેં સામખિયારી-કચ્છના ગાંધી તરીકે ઓળખાતા ચાંપશીબાપા વિશે એક સ્મૃતિ અંક બનાવેલો. આ મારો સમાજસેવાનો સૌપ્રથમ નમ્ર પ્રયાસ હતો. ત્યારબાદ ૧૯૭૦માં કચ્છી સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજીને બેસ્ટ મ્યુઝીક ડીરેક્ટરનો ઍવોર્ડ મળ્યો ત્યારે મેં સમારંભનું આયોજન કરેલું જેમાં મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી વી.પી. નાઈકના હસ્તે કલ્યાણજી આણંદજીનો સત્કાર કરેલો. આ સમારંભમાં દિલીપકુમાર

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

તથા લતા મંગેશકર મુખ્ય મહેમાનો હતા. તે દિવસોમાં દિલીપકુમાર ખૂબજ વ્યસ્ત હતા તથા તેમના શરમાળ સ્વભાવને કારણે જાહેર સમારંભોમાં જવાનું ટાળતા હતા. કલ્યાણજીભાઈએ આગ્રહ રાખ્યો કે જો દિલીપકુમાર મુખ્ય મહેમાન તરીકે આવશે તો હું કાર્યક્રમમાં જરૂર આવીશ. અને મેં દિલીપકુમારને મનાવી લીધા. ૧૯૭૭માં ભુજના જ્યુબીલી ગ્રાઉન્ડમાં દુષ્કાળ રાહત ફંડ માટે કલ્યાણજી આણંદજી નાઈટનું આયોજન કરેલું. અને આ મ્યુઝીકલ નાઈટમાં કિશોરકુમારે છેલ્લીવાર પર્ફોમ કર્યું હતું.

૧૯૭૨માં શ્રી દુલેરાય કારાણીના અમૃત મહોત્સવની ઉજવણીનો સમારંભ મેં મુંબઈમાં આયોજિત કરેલો જેમાં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી ઘનશ્યામભાઈ ઓઝા તથા કચ્છના મહારાણી મુખ્ય અતિથીઓ તરીકે પધાર્યા હતા. ૧૯૭૩માં કચ્છના દુષ્કાળ પીડીતો માટે રાહતફંડ ભેગુ કર્યું હતું જે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલને સોંપ્યું હતું. સમયે સમયે રાજ્ય તથા કેન્દ્ર સરકારોના મંત્રીઓ સાથે વેપારીઓ નવા ઉદ્યોગપતિઓની મીટીંગોનું તેમના પ્રશ્નોના નિરાકરણ માટે હું આયોજન કરતો. તથા કચ્છ અને ગુજરાતના અનેક પ્રશ્નોની રજુઆત સંબંધિત મંત્રી સ્તરે કરતો રહ્યો છું. હાલમાં પણ હું તા. ૨૪ ઑગષ્ટને (કવિ નર્મદનો જન્મદિવસ) વિશ્વ ગુજરાતી દિવસ તરીકે જાહેર કરાવવા પ્રયત્નશીલ છું.

૧૯૮૫થી અષાઢી બીજની (કચ્છી નવું વરસ) ઉજવણીનો પ્રારંભ કર્યો જેમાં દરેક વર્ષે કચ્છ શક્તિ ઍવોર્ડ અર્પણ કરાય છે. સમગ્ર વિશ્વમાં વસતા કચ્છીઓની સફળતાને વધાવવા આ ઍવોર્ડ અપાય છે. ભુજનું હમીરસર તળાવ ઓગને એટલે કચ્છના વરસાદને વધાવવા પણ કાર્યક્રમનું આયોજન કરતો રહ્યો છું. તદ્‌ઉપરાંત કચ્છના લેખકો અને પત્રકારોને સન્માનિત કરવા પણ સમયે સમયે આયોજનો હાથ ધરું છું. જરૂરતના સમયે હું હંમેશા કચ્છ અને કચ્છીઓ સાથે ઉભો રહું છું. અંધેરીમાં આવેલી વાગડ સમાજની વાડી માટેની જમીન મેળવવા પણ હું સહાયરૂપ બન્યો છું.

**પ્ર.સ.:** ક.દ.ઓ. જ્ઞાતિ સાથે તમે કઈ રીતે જોડાયેલા છો?

**હેમરાજભાઈ :** કચ્છ શક્તિ ઍવોર્ડની પસંદગી સમિતી બનાવતી વખતે દરવર્ષે ક.દ.ઓ. જ્ઞાતિના અગ્રણીઓ શ્રી કિરીટ લાપસીયા, શ્રી જયંત સોની, શ્રી બિપીન નાગડા, શ્રી ચાંપશીભાઈ નાગડા, શ્રી ચીમન મોતાના નામો સમિતીમાં આવી જ જાય. તે ઉપરાંત ક.દ.ઓ. જ્ઞાતિની અનેક વ્યક્તિઓ ઍવોર્ડ માટે પણ પસંદગી પામે છે. બૃહદ મુંબઈ ગુજરાતી સમાજમાં પણ ઘણા ક.દ.ઓ. જ્ઞાતિજનો મારી સાથે કામ કરી રહ્યા છે. કે.ડી.ઓ., કે.વી.ઓ. અને વાગડ સમાજ એકબીજાની નીકટ છે અને આપણે સૌ કચ્છી જ છીએ.

**પ્ર.સ.:** આપના નેતૃત્વમાં બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ દ્વારા અંધેરીમાં ગુજરાત ભવનનું નિર્માણ થયું છે. કચ્છી સમાજને ત્યાં કોઈ ડીસ્કાઉન્ટ મળે છે?

**હેમરાજભાઈ :** કચ્છી સમાજની અનેક વ્યક્તિઓ બૃહદ મુંબઈ ગુજરાતી સમાજની પણ સભ્ય છે. તેમને રહેવા માટે તથા અન્ય સુવિધાઓમાં ગુજરાત ભવનમાં ૨૫% ડીસ્કાઉન્ટ મળે છે. મેં તમને કહ્યું તેમ અનેક કચ્છી આગેવાનો ગુજરાત ભવનની કમિટીમાં સભ્ય પણ છે.

**પ્ર.સ.:** તમે વિદેશમાં વસતા કચ્છીઓ સાથે જોડાયેલા છો?

**હેમરાજભાઈ :** અલગ અલગ સમાજોની વિદેશમાં વસતી અનેક વ્યક્તિઓ સાથે હું સંપર્કમાં છું. હું વિદેશ જાઉં ત્યારે તેમને જરૂર મળું છું. તેવી જ રીતે તેઓ મુંબઈ આવે ત્યારે મને પણ મળે છે. મેં અનેક કચ્છી વિદ્યાર્થીઓ જ્યારે અભ્યાસ માટે પ્રથમવાર વિદેશ જતા હોય ત્યારે તેમને વિદેશના સંપર્કો પણ આપ્યા છે.

**પ્ર.સ.:** તમારા વિભિન્ન સંસ્થાઓમાંના ભૂતકાળના અને હાલના પદો વિશે જણાવશો?

**હેમરાજભાઈ :** ફિલ્મ સેન્સર બોર્ડનો સભ્ય-૧૯૯૨ થી ૧૯૯૪, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનો એક્ઝીક્યુટીવ ચેરમેન-૨૦૦૨ થી ૨૦૧૪, મહાડાનો સભ્ય-૨૦૦૮ થી ૨૦૧૦ અને ૨૦૧૧ થી ૨૦૧૩, શીરડી સાંઈબાબા સંસ્થાના ટ્રસ્ટી-૧૯૯૧ થી ૧૯૯૪, સેલ્સટેક્ષ એડવાઈઝરી કમિટી સભ્ય-૧૯૯૨ થી ૧૯૯૫, મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળઃ સ્થાપક પ્રમુખ-૧૯૯૬ થી ૨૦૨૧, બૃહદ ગુજરાતી સમાજ પ્રમુખ-૧૯૯૬ થી ૨૦૨૧, વિશ્વ ગુજરાતી સમાજ સીનીયર વાઈસ પ્રેસીડેન્ટ-૧૯૯૪ થઈ ૨૦૧૮, મુંબઈ બુક મેન્યુ. એસોશિએશન પ્રમુખ-૨૦ વર્ષ, કચ્છ શક્તિ સ્થાપક પ્રમુખ, ઉમરગામ ગૃહશાળા-પ્રમુખ તથા મેનેજીંગ ટ્રસ્ટી ૫ વર્ષ, શ્રી વાગડ વિશા ઓશવાલ વિકાસ સમાજના સ્થાપક તરીકે તથા અન્ય

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)**

અનેક સંસ્થાઓમાં સેવા આપી છે.

**પ્ર.સ.:** મુંબઈ અને ભુજ વચ્ચેની વિમાન સેવાઓ વધારવા માટે તમે પ્રયત્નો કર્યા છે? આ રૂટનું ભાડું ખૂબ જ વધારે છે.

**હેમરાજભાઈ :** આપણે મુંબઈ વસતા કચ્છીઓ હંમેશા કચ્છની મુલાકાત લેવા ઉત્સુક હોઈએ છીએ એટલે ટ્રેનમાં ટીકીટ ફુલ હોય છે તેવી જ રીતે મર્યાદિત ઉડાનો હોવાને કારણે વિમાન ટીકીટ પણ મોંઘી છે. વખતો વખત ઉડ્ડયન મંત્રાલય પાસે ઉડાનો વધારવા રજુઆતો કરી છે.

**પ્ર.સ.:** તમારી સફળતાનું રહસ્ય શું છે?

**હેમરાજભાઈ :** હું કોઈપણ કામને પેંડીંગ રાખતો નથી. હું કાર્યને ત્યાંને ત્યાંજ પુરૂં કરૂં છું એટલે બીજું કાર્ય હાથ ધરી શકું. આના કારણે હું સૌના માટે દરેક સમયે ઉપલબ્ધ રહું છું.

**પ્ર.સ.:** હેમરાજભાઈ, આપની સાહસિક જીવનસફરની રસપ્રદ વાતો જણાવવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

**– ડૉ. હીરાચંદ દંડ**

## જીવનમાં વસંતનું આગમન ક્યારે?

કુદરતે દરેક ઋતુઓને પોતાનું એક અનેરૂં સૌંદર્ય આપ્યું, પણ તે બધી ઋતુઓમાં શિરમોર સમી વસંતને કોઈ ઋતુરાજ કહે છે, કોઈ મહારાણી કહે છે. વસંતનો વૈભવ નિરાળો છે. પાનખરના નિરાશ વાતાવરણને દૂર કરનાર સૃષ્ટિ ખીલવનાર મોસમ એટલે વસંત. કવિ મેઘબિંદુની વસંતઋતુ માટેની ખૂબ જ સુંદર ચાર પંક્તિઓ છે.

**ફાગણનો ફાગ ને ટહુકાનો સાદ,**
**પછી મલક્યા વિના કેમ રહીએ ?**
**કામણ કીધા છે અહીં કેસૂડે એવા,**
**કે મહેંક્યા વિના કેમ રહીએ ?**

વસંત એટલે વૃક્ષ ઉપર આવતાં પુષ્પ કે ફળ જ નથી, કેરીના મોર સાથે કલશોર કરતી કોયલનો ટહુકાર માત્ર નથી, પુષ્પો ઉપર મંડરાતા ભમરાઓના ગીતગુંજન માત્ર નથી, વન-ઉપવનમાં લહેરાતી લતાઓ માત્ર નથી પરંતુ જો વાસ્તવિક જીવનમાં વિચારીએ તો તેના અનેક સ્વરૂપ છે તેવા કેટલાંક દ્રષ્ટાંતો અહીં પ્રસ્તુત કરેલ છે.

ખરાબ મિત્રોની સોબતે પથભ્રષ્ટ થયેલ આપણા સંતાનને કદીક ખભે હાથ મૂકી કો'ક CCD કે Starbucks કોફી શોપમાં બેસાડી આપણા ગુરુદેવના મુખે શ્રવણ કરેલ કેટલીક જિનાજ્ઞાની હલકી ફૂલકી વાતો કરી, પુનઃ જીવનપથ તરફ પગલા માંડવાના પ્રયાસમાં નિમિત્ત બની શકાય તો પણ આપણા જીવનમાં વસંત આવી તેમ જરૂર કહી શકાય.

કોઈક અકલ્પનીય બનાવથી વેરણછેરણ બની ગયેલ શુષ્ક, નિરસ, નિશ્ચેતન જીવનમાં જો અચાનક કો'કનાં અગાધ, અમાપ, અસીમ સ્નેહની સંજીવની મળી જાય અને મૃતઃપ્રાય બનેલ જીવન જીવવાની જીજીવિષા પુનઃ જાગૃત થાય તો જીવનમાં વસંત આવે જ !

પડોશમાં રહેતા કો'ક પરિવારની મોટી માંદગી સમયે તેની સાથે રહી, હાસ્પિટલમાં એડમિશન અપાવી ઝડપી નિદાન અને સારવારાર્થે થનાર ખર્ચમાં ગુપ્તપણે કો'ક રકમ આપી, તે સમયની જરૂરિયાતની પૂર્તિ કરી શકાય, ત્યારે તે આપણા જીવનની વસંત જ કહેવાય.

નોકરી-વ્યવસાય માટે અહીંતહી ભટકતા કોઈ નવયુવાનને તેની જાણ વગર આપણી વગવાળા સંબંધીને ભલામણ કરી તેને નોકરી વ્યવસાય અપાવી તેની જરૂરિયાત સમયે આડકતરી મદદ કરીને પણ જીવનમાં વસંતનું આગમન લાવી શકાય.

'વસંતાગમન' એટલે શું ?... જ્યારે આપણું જીવન હરપળે મધમધે, અત્ર-તત્ર-સર્વત્ર સુખ અને આનંદની જ અનુભૂતિ થાય, વરસાદ પશ્ચાત વસુંધરા ઉપર લહેરાયેલ હરિયાળી સમાન અનુભવ થાય. ગલીના ખૂણે કચરાનાં ઢગલામાંથી આપણું એઠવાળ વીણીને માંડ પેટ ભરી રહેલ કોઈ ગરીબ – લાચાર બાળકને જોઈ, તેને આંગળી પકડી કોઈ સારી હોટેલમાં પેટ ભરી ખવડાવી શકાય કે, ભોજનશાળામાં કાયમી ભોજન પ્રાપ્ત થાય તેવી સગવડતા કરી આપવામાં સફળતા મળી જાય ત્યારે તો આપણા જીવનમાં સમજો વસંત આવી જ.

સમાજ – સાજન મહાજનની હાજરી અને અગ્નિની સાક્ષીએ લીધેલા પરિણય – પાણીગ્રહણ પશ્ચાત આંતરિક મનભેદ કે અસંતોષના પરિણામે માનસિક, શારિરીક યાતનાઓ સહન કરનાર નારી પોતાના પરિવારજનો સમક્ષ ફરિયાદ કરી બન્ને પક્ષે અરસપરસ સમજાવટથી નિરાકરણ

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

લાવી શકે છે. અન્યથા કોર્ટ કચેરીના દરવાજા ખટખટાવીને જબરજસ્તીના બંધનમાંથી મુક્તિ મેળવી આજની નારી શાનથી પોતાનું સ્વતંત્ર જીવન જીવી શકે છે, તેવા એકાદ પ્રસંગમાં અંતરનો નાદ સાંભળી પિડીત નારીની તરફેણમાં ઉભા રસી તેને સધિયારો આપી તેના અંધકારમય જીવનમાં પ્રકાશ પાથરવા સફળ થઈએ ત્યારે આપણા પણ જીવનના વસંતાગમનના હાર આપોઆપ ખુલી જાય.

પૈસાના અભાવે મધ્યમ કે પછાત વર્ગના બાળકો પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરવાથી દૂર રહી જતાં દેખાય, ત્યારે તે બાળકને કોઈ સારી શાળામાં દાખલ કરાવી તેના કાયમી અભ્યાસક્રમનો ખર્ચ ઉપાડી લેવામાં આવે, તો હૃદયકમળમાં વસંતના આગમનની છડી પોકારાઈ જ સમજો ! દેશ વિદેશમાં ફરીને કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વિના જીવનભર રક્તપિતિયાની સારવાર કરનાર મધર ટેરેસાને યાદ કરીને તેના અધુરા સ્વપ્નને આગળ વધારવા, એકાદ ડગલું પણ જો ઉપાડીએ ત્યારે પણ આપણા જીવનમાં વસંતનું આગમન અવશ્ય થાય જ!

કો'ક કામાતુર પુરુષની વાસનાનો શિકાર બનેલ કે, ઘર ચલાવવા મજબુરીવશ દેહ વ્યવસાય તરફ ધકેલાયેલી કોઈક નારીને કુટણખાનાની કેદમાંથી મુક્ત કરાવી, 'નારીનિકેતન' કે 'બાપનુ ઘર' જેવી સંસ્થામાં આશરો અપાવી તેના મુખ પરની પ્રસન્નતા નીરખીએ ત્યારે આપણા જીવનમાં વસંતનું આગમન થયું તેમ જરૂર અનુભવી શકાય.

વેવિશાળ પશ્ચાત દિવસ ઓછા પડતા હોય તેમ રાત્રભર ફોન ઉપર વાર્તાલાપ, વોટ્સએપ, સાગર કિનારે કે સિનેમા ઘરોમાં થતાં એકાંત મિલનો, કાર્ડ-કેડબરી ને ઉપહારોની આપ-લે કરી યૌવનનો થનગનાટ માણતા પ્રિયજનો - યુગલ માટે વેવિશાળથી પરિણય પર્યન્તનો સુવર્ણકાળ જીવનમાં વસંતાગમન જેટલો જ મધુરો સાબીત થાય છે. કંઈક મજબુરીઓથી ત્યજી દીધેલ કોઈકના બાળકને દત્તક લઈને અથવા અનાથાશ્રમમાં દાખલ કરી તેના ભવિષ્યને ઉજ્જ્વળ કરવાના કાર્યમાં સહભાગી થઈને પણ જીવનમાં વસંત લાવી શકાય છે.

મલમલનાં વસ્ત્રો ને મુખના ક્ષણિક રસાનંદ માટે માંસાહાર આરોગતા માનવી માટે રોજેરોજ કતલખાને ધકેલાતા અનેક અબોલ જીવોની ચિત્કાર સાંભળી હૃદયમાં કરૂણતા લાવી, એકાદ જીવને પણ કતલખાને જતા અટકાવવામાં જો નિમીત બની શકાય કે, એકાદ મિત્રને સમજાવીને શાકાહાર તરફ વાળવામાં નિમિત બની શકાય, તો પણ આપણું હૃદય વસંતાગમનની સાક્ષી પૂર્યા વગર નહીં જ રહે !

આવા નાના નાના અનેક સદકાર્યો કરીને આપણી ભીતર રહેલ પાનખરને પણ વસંત સમ નવપલ્લવિત કરી શકાય.

આપણા જીવનમાં વસંત નથી આવતી કેમકે આપણી આંખોની આડે પૂર્વગ્રહના પડળ છે. અન્યનાં દોષો જાવાની ટેવ પડી ગઈ છે. આપણને 'શું મળ્યું છે' તે ભૂલી ગયા છીએ ને 'શું નથી મળ્યું' તેની ચિંતા કરીએ છીએ. પૈસા મેળવવાની લાલસામાં, પદ ને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની ઘેલછામાં રઘવાઈ દોટ મૂકીએ છીએ.

ઈચ્છા - અપેક્ષા - તૃષ્ણા અને અહમ્ જેવા અવગુણોને દૂર કરીને આપણા જીવન સાથે બનતી દરેક દરેક ઘટના પ્રસંગોએ - સંજાગોએ સ્વીકાર, સમાધાન અને સિદ્ધને જોડી દઈએ તો ચોક્કસ જીવનમાં વસંત આવે. જીવન વિકાસને અટકાવતાં નકારાત્મક પરિબળનો ત્યાગ કરીને તંદુરસ્ત તન, આનંદિત મન અને પ્રસન્ન આત્માથી જિંદગી જીવતાં આવડી જાય તો કદી અંત ન આવે ને તેવી કાયમની વસંત આવીને જ રહે.



**- જ્ઞાનેશ જયચંદ લાપસીયા**
**દલતુંગી, મુલુંડ ચેકનાકા**
**મો. ૯૯૨૦૫૧૩૪૯૩**

**Exclusive Embroidery & Upto date Finishing**
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૦૭

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## મેઘધનુષિ આભા ધરાવતા માનુની



**શ્રીમતી ભારતી પ્રેમચંદ નાગડા**
જન્મ : ઈ.સ. ૧૯૪૧, રાયપુર (એમ.પી.)

## સખીવૃંદ મહિલા મંડળ-પુણેનું નવલુ નઝરાણું






अहो, आइकता काय ?
आपल्यास मानाचा मुजरा करतो ।
आपलं कौतुक कराव
तीत्क कमी आहे !!!

ગતાંકમાં શ્રી આઝાદ કચ્છ મંડળના ખેલૈયાની મળેલ નામાવલી ઉપર સંશોધન ચાલુ છે. વધુ વિગતવાર માહિતી મળશે તો ક.દ.ઓ. જ્ઞાતિની શાનદાર રમત ''ધમાલ'', ''બાર દાંડિયા'', ''મટુકડી''ને આપણા કચ્છી લંઘા ને ઢોલીઓ ઉપરથી રહસ્યમય પડદો ઉપડશે.

અચાનક આપણા જ સમાજના એક માત્ર (અમારા મત મુજબ) શ્રી રાજુ ઢોલી એટલે કે શ્રી રાજેન્દ્ર ડાઘા (વરાડીયા-મુંબઈ)નાં વાવડ મળ્યા, યેનકેન પ્રકારેણ સંપર્ક સાધતા ઈ.સ. ૧૯૯૫-૯૬માં ડોંબીવલીમાં શ્રી ક.દ.ઓ. મંડળની વાર્ષિકોત્સવની ઉજવણીના એક દિવસ પહેલાં ''મહાકાળી માતા''ની ભવ્ય આરાધનામાં તેમણે વગાડેલ ઢોલ યાદ આવી ગયો. તેઓ આ મહિને વરાડીયા મધ્યે આવેલ શ્રી હાજીપીર બાબાના મેળામાં પધારવાનાં છે. કોરોના પહેલા દર વર્ષે બાબાને સલામ ભરવા અને ''ચાદર'' ચઢાવવા આવતા. કચ્છમાં હિન્દુ-મુસલમાનની એકતાનું આનાથી વધારે ઉચ્ચકક્ષાનું ઉદાહરણ શું આપી શકાય.

ગામ સાંયરામાં ભવ્ય ત્રિદિવસીય ધજા મહોત્સવમાં દિનાંક ૪થી માર્ચે સાંજનાં શ્રી સાયંરા વિકાસ મંડળનાં આયોજક-પ્રમુખશ્રી ભદ્રેશભાઈ મોમાયા (પટેલ)ની ઉડતી મુલાકાત લેવી હતી... પણ મારી પાસે સમયનો અભાવ અને પ્રમુખશ્રીની વ્યસ્તતા વચ્ચે મુલાકાત શક્ય ન બની.

પણ ત્યાં શ્રી કાન્તીલાલ ટોકરશી સોની (સાંયરા-ડોંબીવલી)ની મુલાકાત થઈ. તેમણે જણાવ્યું કે તે વખતે મસ્જીદબંદર વિસ્તારમાં શ્રી કિશોર દાંડીયા રાસ મંડળ પ્રવર્તમાન હતું, જુદી-જુદી રાસ હરીફાઈમાં ભાગ લેતું. તેમને વિનંતી કરી કે કાંઈપણ નાનામાં નાની માહિતી ઉપલબ્ધ હોય તે એકત્ર કરી પહોંચાડે.

આ વિસરાઈ ગયેલી આપણી ભવ્ય રમતનાં ઈતિહાસનાં મોતીઓને પરોવી એક સુંદર માળા કરી શકીએતો ચલતે ચલતેની આ કલમનો સદ્ઉપયોગ થશે.

સર્વે જ્ઞાતિજનોને ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને વિનંતી કે આપણો આ ભવ્ય વારસો જે સમયની થપાટ ખાઈ ભુલાઈ રહ્યો છે તે વિશે નાની-મોટી કાંઈપણ માહિતી હોય, સંસ્મરણો હોય તો બસ મોબાઈલ ઉપાડી મારા નંબર ફેરવો. સમય સવારનાં ૮ થી ૧૦ અને બપોરે ૪ થી ૭ અમે આપનાં આભારી રહીશું.

અમારે અંગુલી નિર્દેશ કરવાનો છે સખીવૃંદ મહિલા મંડળ પુણેના શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિની સામાજિક વિધિઓ, ઉદેશ અને વિસ્તૃત માહિતી સભર ગ્રંથ ''સાતત્ય''ની... (વધુ વિગતો આવતાં અંકોમાં).

આ અંકમાં અમારે પરિચય કરાવવાનો છે. ઈ.સ. ૧૯૪૧માં રાયપુરમાં જન્મેલા તે વખતે કું. ભારતી મધુરીબાઈ લાલજી ઘેલાભાઈ શિઆલનો. તેમનો પ્રથમ પરિચય અમને પ્ર.સા.નાં અંકોમાં છપાયેલ નૃત્યની એક તસ્વીરથી થયો. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી, સાથે-સાથે સંગીત અને નૃત્યની સાધના કરી, વક્તૃત્વ કળામાં ખુબ રૂચી હોવાથી અનેક ડીબેટનાં કાર્યક્રમોમાં સ્કુલ અને કોલેજ કક્ષાએ ઈનામોની વણઝાર લગાડી તેમજ વાંચન અને લેખનનાં શોખને તેમનાં પતિશ્રી અને કુટુંબીજનો તરફથી પ્રોત્સાહન મળતાં અનેક સામાયિકોમાં તેમણે કલમ ચલાવી તેમનો વિગતવાર પરિચય આવતાં અંકમાં કરાવી ''ચલતે... ચલતે...'' કૃતજ્ઞ થશે.... (વધુ આવતાં અંકે...)

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS




OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

www.umkhona.com

CB: 11/189

# પાંજો-કચ્છ-ગ્લોબલ કચ્છ Global Kutchch

‘પાંજો પ્યારો વતન કચ્છ’ એશિયા ખંડજો સૌથી વડો જીલ્લો ‘કચ્છ’ ૧૦ તાલુકા, ૯૩૯ ગામ, બન્ની મેં  ૨ લાખ અક્ષર ગોચરજી જમીન

ગ્લોબલ કચ્છના નેજા હેઠળ તા. ૨૧.૨.૨૦૨૨ ના કાલીદાસ ઓડીટોરીયમ મુલુંડ (મીની કચ્છ), મુંબઈમાં ‘ગ્લોબલ કચ્છ સંમેલન’ Global Kutchch Meet નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં કચ્છના અલગ અલગ સમાજ પ્રતિનિધીઓ/સભ્યો હાજર હતા.

અબડાસા તથા માંડવી તાલુકાના ૧૬૦ ગામોથી ‘ગ્લોબર કચ્છ અભિયાન’ની શરૂઆત કરવામાં આવી છે. ૫૦ ગામના સર્વે થઇ ગયેલ છે. ૧૦ ગામમાં કાર્ય ચાલુ થશે.

ગ્લોબલ વિકાસ ટ્રસ્ટ, ક્રીડાઈ, સમસ્ત મહાજન એન્કરવાલા અહિંસાધામ આ સંસ્થાઓ દ્વારા યોજનાબદ્ધ રીતે વિવિધ પ્રકલ્પો (Projects) નક્કી કરવામાં આવ્યા છે. જેના માટે Act ટેક્નીકલ ટીમનો સહયોગ, વિવિધ નિષ્ણાંતો, વૈજ્ઞાનિક તથા પ્રોફેશનલ અભિગમ, ગામવાસીઓનો સહયોગ, ગ્રામ પંચાયતના ઠરાવ વિશેની માહિતી સંમેલનમાં આપવામાં આવી.

**‘ગ્લોબલ કચ્છ અભિયાન’ની વિવિધ યોજનાઓ (Projects):**

**જળસંચય :** ગામના તળાવ, ચેકડેમ, કૂવામાંથી માટી, ગાંડા બાવડ કાઢી સાફ કરવા, રીપેર કરવા, પાણીને સંગ્રહિત કરવાની ક્ષમતા વધારવી.

**ગૌચરની જમીન :** ગૌચરની જમીન પરથી ગાંડાબાવળ, ઝાડી ઝાંબરા કાઢવા, ગેરકાયદેસર કબ્જા/દબાણ હટાવવા, જમીન ઘાસ ઉગાળવાલાયક બનાવવી, જમીન ફરતે દિવાલ/વાડ બાંધવી.

**પાંજરાપોળ :** ગૌવંશ માટે વ્યવસ્થિત પાંજરાપોળ, ઘાસની બીજ બેન્ક, ફ્રી ઓફ ચાર્જ ઘાસના બીજ આપવા, પ્રાકૃતિક (Organic) ખાતર, પ્રાકૃતિક ખેતી (Organic Farming)ને પ્રોત્સાહન આપવું.

ગામમાં વિવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવું, જેથી કરીને પંખીઓની સુરક્ષા અને પર્યાવરણનું જતન થાય.

ઉપરોક્ત યોજનાઓનો અમલ સફળતાપૂર્વક મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં થયેલ છે. સુખદ પરિણામો પ્રાપ્ત થયા છે. ખેતીની, ખેડુતની, ડેરી વ્યવસાય, ગામની આવકમાં વૃદ્ધિ થઈ છે.

‘ગ્લોબલ કચ્છ અભિયાન’ને સરકાર સહયોગ એ સહાય આપશે. કેટલીક યોજનાઓને સરકારી યોજનાઓ અંતર્ગત સહાય મળશે. પાંજરાપોળને કાયમી સબસીડી મળવાની શક્યતા છે. ગૌચરી જમીન પરના ગેરકાયદેસર કબ્જા/દબાણ હટાવવા સરકાર સહયોગ કરશે. ‘ગ્લોબલ કચ્છ અભિયાન’ને ૩૬ મહિનામાં સાકાર કરવાનું લક્ષ્ય છે. ગામદીઠ અંદાજિત ખર્ચ રૂા. એક કરોડ છે. Self Funded ગામને પ્રથમ પસંદગી મળવાની શક્યતા છે. કચ્છી સમાજ અને સરકારનું સહિયારું અભિયાન છે. સમાજે મહેનત તથા નાણાંકીય સહાયનો પણ બંદોબસ્ત કરવાનો છે. JCB મશીન સંસ્થા આપશે, ડિઝલની વ્યવસ્થા ગામે કરવાની રહેશે.



જલ રક્ષા, પશુ રક્ષા, ભુ રક્ષા

**- હેમાંગ લાલજી શાહ (લોડાયા)**
**સિંધોડી મોટી-૯૯૨૦૬ ૪૬૮૪૬**


।। જય જય શ્રી ચામુંડા મા ।।

**કચ્છ કોઠારા સ્થાને નમતા મૈશેરી પરિવારની કુળદેવીમા ચામુંડા માતાજીની ૧૨મી પહેડીમાં પધારવા સ્નેહભર્યું**

**આમંત્રણ**

આત્મીય મૈશેરી કુળ પરિવાર સહ નિયાણી બહેનો,

ચામુંડામા ની અસીમ કૃપાથી અમારા પરિવારને **૧૨મી પહેડી** પ્રસાદનો સંપૂર્ણ લાભ મળેલ છે. આ શુભ અવસરે આપ સૌ ભક્તજન પરિવારો તથા નિયાણીબહેનોને સહકુટુંબ પધારી માતાજીની ભક્તિનો તથા સાધર્મિકભક્તિ કરવાનો લાખેણો લાભ અમારા પરિવારને આપવા માટે ભાવભરી વિનંતી.

**પહેડીના સંપૂર્ણ લાભાર્થી પરિવાર**
**માતુશ્રી લક્ષ્મીબાઈ જીવરાજ શીવજી મૈશેરી (મહેશ્વરી)**
**હ. કિશોર જીવરાજ મહેશ્વરી (સાંધાણ/ગોરેગામ)**

**શુભદિવસ : રવિવાર તા. ૩.૪.૨૦૨૨**
**શુભસમય : સવારના ૯.૦૦ થી ૨.૦૦ ક.**
**શુભસ્થળ : જૈનમ બેંકવેટ હૉલ, પહેલે માળે, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, ભાંડુપ વે-૭૮.**
**ભક્તિગીતો : ડખારો’સ એન્ટરટેઈનમેન્ટ (મીલન જૈન/લોડાયા) સાથી કલાકારો**

**લી. માતુશ્રી લક્ષ્મીબાઈ જીવરાજ મૈશેરી (મહેશ્વરી)**
**હ. કિશોર જીવરાજ મૈશેરી (સાંધાણ/ગોરેગામ)**
**તથા કોઠારા સસ્થાને નમતા મૈશેરી કુળ પહેડી કમિટી**

નોંધ : કાળા વસ્ત્રો, ચામડાની કોઈપણ વસ્તુ તથા ઘુઘરી પહેરીને ન આવવાની કાળજી રાખશોજી.



**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના - નલિયા (મુલુંડ)**

।। જય ચક્રેશ્વરી માતા ।।　　　।। નમો નમ: શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમ: ।।　　　।। જય પદ્માવતી માતા ।।

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-કવિન્દ્રસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગરસૂરીભ્યો નમ :

# રંગપુર નગરે – શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયે

## ૩૩મી ધ્વજારોહણ, બે દિવસીય મહોત્સવ પ્રસંગે

# સસ્નેહ નિમંત્રણ

શ્રી રંગપુર નગરે, શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે, **૩૩મી ધ્વજારોહણ, સ્નાત્ર પૂજા, અઢાર અભિષેક તથા સત્તરભેદી પુજા મહોત્સવ તા. ૧૦ મે ૨૦૨૨ થી તા. ૧૧ મે, ૨૦૨૨** દરમ્યાન ખૂબજ ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવાશે.

શ્રી સંઘના પુણ્યોદયે શ્રી સંઘ વતી **૩૩મી ધ્વજા મહોત્સવ** દરમ્યાન મુખ્ય શિખર ગંભારામાં મુળનાયકની ધ્વજાનો તેમજ **તા. ૧૦-૦૫-૨૨** તથા **તા. ૧૧-૦૫-૨૨**ની સાધર્મીક ભક્તિનો મંગલકારી લાભ **માતુશ્રી સોનબાઈ ભવાનજી ધરમશી લાપસીયા પરિવાર (રંગપુર-મુલુંડ)એ** લાભ લીધો છે.

**વૈશાખ સુદ ૧૦ ને મંગળવાર, તા. ૧૦ મે, ૨૦૨૨ના બપોરના ૩.૦૦ કલાકે ૧૮ અભિષેક કરવામાં આવશે.** આ પ્રસંગે હાજર ગામવાસી જ્ઞાતિજનોને તેમજ નિયાણીબહેનોના પરિવારને **૧૮ અભિષેકના ચડાવા** નીચે મુજબ ઉછામણીથી કરાવવામાં આવશે.

**૧. મુળનાયક શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાનો અભિષેક**
**૨. ગંભારામાં શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન**
**૩. ગંભારામાં શ્રી મુનીસુવ્રતસ્વામી ભગવાન**
**૪. ૧લે માળે મુળનાયકશ્રી મહાવીરસ્વામી ભગવાન**
**૫. ૧લે માળે શ્રી આદિનાથ ભગવાન**
**૬. ૧લે માળે શ્રી અનંતનાથ ભગવાન**
**૭. રંગમંડપમાં મહાકાળી માતાજી**
**૮. રંગમંડપમાં ચક્રેશ્વરી માતાજી**
**૯. રંગમંડપમાં પદ્માવતી માતાજી**
**૧૦. રંગમંડપમાં પાર્શ્વયક્ષ**
**૧૧. રંગમંડપમાં શાંતિનાથ ભગવાન**



**ધ્વજાના નીચે મુજબના ચડાવા સત્તરભેદી પૂજા દરમ્યાન લેવામાં આવશે.**

| | | |
|---|---|---|
| ૧. રંગ મંડપની ધ્વજા | ૪. ઉત્તર ચોકીયારાની ધ્વજા | ૭. ચંદ્ર દર્શન |
| ૨. પૂર્વ ચોકીયારાની ધ્વજા | ૫. ગુરૂમંદિરની ધ્વજા | ૮. આરતી ૧૦૮ દિવાની |
| ૩. પશ્ચિમ ચોકયારાની ધ્વજા | ૬. સુર્ય દર્શન | ૯. મંગળ દીવો વગેરે |

**વૈશાખ સુદ ૧૦ ને મંગળવાર, તા. ૧૦ મે, ૨૦૨૨ના બપોરના ૩.૦૦ કલાકે મહામંગલકારી અઢાર અભિષેક, રાત્રે ૮.૦૦ ક. ભક્તિ ભાવના અને વૈશાખ સુદ ૧૧, બુધવાર તા. ૧૧ મે, ૨૦૨૨ ના સવારના ૮.૦૦ કલાકે સત્તરભેદી પૂજા** ભણાવવામાં આવશે. પૂજાનો લાભ ધ્વજાના લાભાર્થી પરિવારોને અને હાજર અન્ય દાતા પરિવારોને આપવામાં આવશે. બે દિવસની નવકારશી, બપોરનું જમણ, ચા-પાણી અને સાંજનો ચોવિહાર શ્રી સંઘ તરફથી રહેશે.

આ પ્રસંગે **વિધિ વિધાન માટે જામનગરના શ્રી વિક્રમભાઈ મહેતા, શ્રી કલ્પેશભાઈ અને સાથી કલાકારો** પધારશે.

આ પ્રસંગે આપ સર્વે રંગપુર ગામવાસીઓ નિયાણી બહેનો તેમજ સગાવહાલા સાથે પધારવા શ્રી સંઘ વતી ભાવભર્યું નિમંત્રણ છે. આવતા વર્ષની **ધ્વજાનો નકરો રૂા. ૧૧,૦૦૦/-** તથા **સાધર્મિક ભક્તિનો નકરો રૂા. ૧૫,૦૦૦/-** રાખવામાં આવેલ છે. જે ભાગ્યશાળીને ૩૪મી ધ્વજાનો લાભ લેવો હોય તે નામ નોંધાવી શકે છે અને ધ્વજાના દિવસે નામ જાહેર કરવામાં આવશે. એક થી વધારે નામો આવશે તો પર્યુષણ પર્વના બીજના દિવસે ચળાવો બોલવામાં આવશે.

ભોજનશાળામાં ફોટો યોજનામાં નામ લેવાના ચાલુ છે. ફોટો યોજનાનો નકરો **રૂા. ૧૦,૦૦૦/-** અત્યાર સુધીમાં ૧૩૦ ફોટાઓ લાગી ગયા છે. હજી પણ યોજનામાં જેને પણ લાભ લેવો હોય નામ આવકાર્ય છે.

ભોજનશાળામાં કાયમી નિભાવ ફંડમાં નામ આવકાર્ય છે. **રૂા. ૨૫,૦૦૦/-** થી ઉપર દાન આપનારની નામની તકતી લગાડવામાં આવશે. આ શુભ પ્રસંગે આપ સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રી રંગપુર સંઘની આન, બાન, શાનમાં વધારો કરશો.

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી**
**શ્રી પંકજ કેશવજી ધરમશી (પ્રમુખશ્રી) તથા સર્વે ટ્રસ્ટીગણ, કારોબારી અને સલાહકાર સભ્યોના જયજિનેન્દ્ર !**

UPASANA - 9820167767

# ઉત્કર્ષ ટ્રસ્ટની નવી છલાંગ

ડોર ટુ ડોર દાતાઓને ઘેર જઈ શૈક્ષણિક ક્ષેત્રે ટ્રસ્ટીઓને દાન ઉઘરાવવાનો સમય હવે જતો રહ્યો છે. સમસ્ત મહાજનની મેડીકલ ટીમની જેમ, દાતા સમાજ સમક્ષ દરદીની કથા રજુઆત કરી દે કે સમજદાર ઉદારદિલ સેવાભાવી, આર્થિક સંપન્ન લોકો દાનનો પ્રવાહ વહેવડાવી દે અને કેસ થાય પૂરો! સંચાલકોની અપીલ (ટુ ધી પોઈન્ટ) તુરંત કામ લાગે અને તન મન અને ધનના વ્યય વિના મદદનો પ્રવાહ વહેવા માંડે!




હવે શૈક્ષણિક ક્ષેત્રે પણ ડીટો ટુ ડીટો એવી સ્કીમ શૈક્ષણિક જગતના સેવાલક્ષી કાર્યકરોએ/ટ્રસ્ટીઓએ અમલમાં મુકી ૧ થી ૧૧ ધોરણના વિદ્યાર્થીઓને સહાયરૂપ બનવાના ઉત્કર્ષ ટ્રસ્ટના પ્રયાસોને વેગવાન બનવાની જરૂર છે.

યંગ બ્લડ્સ આ ક્ષેત્રે સેવાના ઉદ્દેશ્યથી ઝંપલાવી સમાજ ઉત્કર્ષના આ અતિ મહત્ત્વના પાસાંને, મજબુત પીઠબળ આપી, ઉત્કર્ષ ટ્રસ્ટનું ભંડોળ છલકાવી શકે ખરું. હાલે રૂા.૨૦,૦૦૦/-ની વિદ્યાર્થી દીઠ સહાયની મર્યાદા સમાજને ટુંકી પડે છે અને ફક્ત ૪૦૦ બચ્ચાઓને જ તેનો લાભ મળે છે, ત્યારે આ મોબાઈલ એપની આધુનિકતા અપનાવવાથી સમાજનું પૈસા ઉઘરાવવાનું કામ સરળ બની શકે ખરું. તેથી બહોળી સંખ્યામાં બાળકો માટે શૈક્ષણિક સહાય પ્રદાન થઈ શકે.

આવશ્યકતા છે માત્ર લીડરશીપની.

સ્વ. શ્રી શિવજી કુંવરજી વિકમશી અમને શૈક્ષણિક ક્ષેત્રે કાર્ય કરવાની હંમેશા શીખ આપતા રહેલા, પરંતુ મેડીકલ ક્ષેત્રે વ્યસ્તતા આપોઆપ એટલી વધી ગઈ કે તે તરફ લક્ષ્ય ના આપી શકાયું, તેનો ખરેખર ખેદ છે.

**જબ ચીડીયા ચુગ ગઈ ખેત,**
**અબ પછતાવે ક્યાં હોવત હૈ?**

માટે જાગ્યા ત્યારથી સવાર, જાગો ઉઠો અને આગળ વધો. હવે શૈક્ષણિક ક્ષેત્રે મસમોટી છલાંગ જ ઉત્કર્ષ ટ્રસ્ટને આગળ ધપાવી શકે. આ છલાંગને આપણી જ્ઞાતિના વેલ સેટલ્ડ વ્યવસાયિકો, ઓલમ્પિક જંપ દ્વારા પ્રગતિના શિખરે લઈ જઈ શકે.

ગત ત્રણ વર્ષની આંકડાકીય બાબતો પર નજર નાખીએ

| વર્ષ | અરજદાર વિદ્યાર્થીઓની સંખ્યા | સહાયની રકમ રૂા. લાખમાં | સરેરાશ વિદ્યાર્થી દીઠ રૂા. હજારમાં |
|---|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૯૬ | ૬૫.૨૩ | ૧૬.૫૦ |
| ૨૦૨૦-૨૧ | ૨૯૭ | ૪૯.૮૬ | ૧૬.૮૦ |
| ૨૦૨૧-૨૨ | ૩૨૭ | ૫૫.૮૦ | ૧૭.૦૦ |

ટૂંકમાં રૂા. ૨૫,૦૦૦/-માં એક વિદ્યાર્થીને દત્તક લઈ શિક્ષણ ક્ષેત્રે ભંડોળ ઊભું કરવામાં વગર મહેનતે મસમોટી રકમ સરળતાથી ટ્રસ્ટી સાહેબો ઊભી કરી શકે ખરાં. આપણાં સમાજના સફળ પ્રોફેશનલ્સ એક/બે વિદ્યાર્થીઓ સ્પોન્સરશીપમાં જોડાઈ શિક્ષણના આ જ્ઞાનયજ્ઞમાં પોતાનું ઉલ્લેખનીય યોગદાન આપી શકે.

આ સિવાય શૈક્ષણિક ક્ષેત્રે સેવા કરવાની અનેક તકો આજના આધુનિક યુગમાં છે, જેમ કે વિદ્યાર્થીઓને ઓનલાઈન માર્ગદર્શન આપી પૈસા અને સમયની બચત થઇ શકે.

વિદ્યાર્થીઓના નાના મોટા અનેક પ્રશ્નોનું માર્ગદર્શન/નિરાકરણ કરીને તેઓને મદદરૂપ થઇ શકાય.

તો ચલો ૧/૨ વિદ્યાર્થીઓને દત્તક લેવાનું કામ આરંભીએ.

**CA રમેશ દેવચંદ ખોના-સાંધાણ (મુલુંડ)**
**CA કુલીનકાંત ચાંપશી લુઠીયા- (મુલુંડ)**

### ડૉ. મહિમા દંડને વુમન ઑફ સબ્સટન્સ ઍવોર્ડ



તેરાના હુબલી નિવાસી રોટેરિયન પ્રો.ડૉ. મહિમા મોહિત દંડને તાજેતરમાં જયપુર ખાતે ''આઈકેન ફાઉન્ડેશન'' તથા ''ઈન્સ્પાયર'' મેગેઝીનના સંયુક્ત ઉપક્રમે મહિલાઓ માટેની સેવા પ્રવૃત્તિઓની કદરરૂપે અભિનેત્રી વૈષ્ણવી મેકડોનલ્ડના હસ્તે ''વુમન ઑફ સબ્સટન્સ'' ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : પ્રવિણ માણેકજી મૈશેરી - નાની સિંધોડી (રાયપુર), મહાવીર ટ્રેડીંગ કાં.**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટ - મોટી સિંધોડી
# મોટી સિંધોડી સ્નેહમિલન ૨૦૨૨

## સ્નેહ મિલનમાં લીધેલ ચડાવા અને નકરાની વિગત

**શેઠશ્રી નરશી નાથાને હારારોપણનો લાભ : માતુશ્રી કુંવરબાઈ રતનશી આણંદજી મૈશેરી પરીવારે લીધો.**

**ધજાના લાભાર્થી પરિવારો :** મુખ્ય ધજા : **અ.સૌ. ધનલક્ષ્મીબેન કિશોરભાઈ મોતા** (૪૦૧૪૦ મણ) ● રંગ મંડપની ધજા : **શ્રી કીર્તિભાઈ પદમશીભાઈ લોડાયા,** સોનથરી (લકી ડ્રો) ● અંબીકા દેવીની ધજા : **માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા** (૪૧૦૪ મણ) ● યક્ષ દેવની ધજા : **માતુશ્રી રતનબેન દામજી મોમાયા** (૨૧૨૨ મણ) ● મહાકાલી માતાજીની ધજા : **માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા** (૮૮૮૮ મણ) ● પૂર્વ દિશાની ધજા : **અ.સૌ. જસ્મીનાબેન હરીશ મોમાયા, અ.સૌ. પરીતાબેન રાજેશ મોમાયા** (૨૦૨૦ મણ) ● ઉત્તર દિશાની ધજા : **માતુશ્રી પુષ્પાબેન ચિમનલાલ મોમાયા, હસ્તે અ.સૌ. ઉર્મિલાબેન શૈલેશભાઈ મોમાયા,** વરાડીયા-ગોરેગાંવ (૩૪૩૪ મણ) ● પશ્ચિમ દિશાની ધજા : **અ.સૌ. સ્વ. જયવંતીબેન ચિમનભાઈ લોડાયા** (૨૭૨૭ મણ) ● હનુમાન જીની ધજા : **અ.સૌ. સ્વ. પ્રભાવંતીબેન પ્રેમચંદ લોડાયા** (૨૫૨૫ મણ)

**વાર્ષિક સર્વસાધારણ નકરાના દાતાશ્રી પરિવારો રૂા. ૫૫૫૫/- : ફેબ્રુઆરી : માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજીભાઈ લોડાયા** હ. **અ.સૌ. કલ્પનાબેન સોમચંદભાઈ લોડાયા** (આરીખાણા-મુલુંડ, ઈસ્ટ) ● **માર્ચ : ચિ. શિવાન ગૌરવ નવીનચંદ્ર મોતા** (મુલુંડ), **અ.સૌ. સ્વ. જયવંતીબેન ચીમનલાલ લોડાયા** (મુલુંડ) ● **એપ્રિલ : માતુશ્રી રતનબાઈ રાઘવજી મૈશેરી** (ભાંડુપ) ● **મે : માતુશ્રી દમયંતીબેન ધનપતી મૈશેરી** (ડૉંબિવલી), **શ્રી સુભાષભાઈ જીવરાજભાઈ મોમાયા** (સીરસી), **માતુશ્રી મુરબાઈ કેશવજી મોતા** હસ્તે **ધનલક્ષ્મીબેન** ● **જુન : અ.સૌ. સ્વ. પ્રભાવંતીબેન પ્રેમચંદ લોડાયા** (ભાંડુપ), **કુમારી ભાવના પ્રવીણચંદ્ર મોમાયા** ● **ઑગસ્ટ : માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા** (એન્ટૉપ હિલ) ● **ઑક્ટોબર : માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા** (ડૉંબિવલી), **માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ મોમાયા** ● **ડિસેંબર : માતુશ્રી રમાબેન લાલજી લોડાયા** હ. **અપૂર્વભાઈ** (મુલુંડ), **અ.સૌ. સ્વ. યશવંતીબેન મુલચંદ મૈશેરી** (ઘાટકોપર)

**કુપનના દાતાની નામાવલી : ૨૯,૫૦૦/– અ.સૌ. અનિતાબેન ભરત લોડાયા ● ૨૫૦૦૦/– માતુશ્રી ધનબાઈ પ્રેમજી લોડાયા** (વડાલા) ● **૧૧૦૦૦/– માતુશ્રી કુંવરબાઈ રતનશી મૈશેરી** (મલાડ), **માતુશ્રી રતનબાઈ ભવાનજી લોડાયા** (ડૉંબિવલી), **શ્રી લાલજી નરપાર શાહ** (મુલુંડ), **અ.સૌ. સ્વ. જયવંતીબેન ચિમનલાલ લોડાયા** (મુલુંડ), **માતુશ્રી લક્ષ્મીબેન નરશી મૈશેરી** (મુલુંડ), **શ્રીમતી ભારતીબેન રાયચંદભાઈ મૈશેરી** (વાંકુ-કોચીન), **શ્રી મુકેશભાઈ કુંવરજી ઘરમશી** (સુથરી-વડાલા) ● **૫,૫૦૦/– માતુશ્રી કસ્તુરીબાઈ વેલજી શીવશી મૈશેરી** (ડૉંબિવલી) ● **૫,૧૫૧/– શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ઘરમશી** (સુથરી-વડાલા) ● **૫,૦૦૦/– શ્રી પ્રવિણચંદ્ર દામજી મોમાયા** (ઘાટકોપર), **અ.સૌ. શિતલબેન કમલેશભાઈ ખોના** (નલીયા-કોચીન), **માતુશ્રી દમયંતીબેન સનતકુમાર લોડાયા** (સાયન), **માતુશ્રી ચંપાબેન લાલજી મૈશેરી પરીવાર** (થાણા), **શ્રી સુભાષભાઈ જીવરાજ મોમાયા** (સીરસી), **શ્રી હાર્દિક મુલચંદ મૈશેરી** (ડૉંબિવલી) ● **૩,૦૦૦/– એક સદ્ગૃહસ્થ** (મુલુંડ), **માતુશ્રી મંજુલાબેન ત્રિકમજી મૈશેરી પરીવાર** (થાણા), **અ.સૌ. સ્વ. પ્રભાવંતીબેન પ્રેમચંદ લોડાયા** (ભાંડુપ) ● **૨,૫૦૦/– શ્રીમતી જ્યોત્સનાબેન રાયશી મૈશેરી** (ડૉંબિવલી), **અ.સૌ. મધુબેન પુનમચંદ મૈશેરી** (ડૉંબિવલી), **શ્રી વિક્રમ મધુરીબેન કાંતિલાલ મોતા** (મુલુંડ), **અ.સૌ. સ્વ. યશવંતીબેન મુલચંદ મૈશેરી** (ઘાટકોપર), **માતુશ્રી રતનબાઈ રાઘવજી મૈશેરી** (ભાંડુપ), **અ.સૌ. સ્વ. વંદનાબેન મુરજી મૈશેરી** (ભાંડુપ), **માતુશ્રી કસ્તુરબેન પ્રવિણચંદ્ર મૈશેરી હ. સાધનાબેન** (ડૉંબિવલી), **શ્રી માણેકજી કાનજી મૈશેરી હ. કુંદનબેન** (ભાંડુપ), **માતુશ્રી મધુરીબેન ધનજી લોડાયા હ. નિતિનભાઈ** (મુલુંડ), **માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી મૈશેરી** (થાણા), **માતુશ્રી લક્ષ્મીબેન દામજી મૈશેરી** (વિરાર), **અ.સૌ. મીનાબેન રમેશ ચાંપશી મૈશેરી** (ડૉંબિવલી), **શ્રીમતી ઉષાબેન નારાણજી મૈશેરી** (અમદાવાદ), **માતુશ્રી કસ્તુરીબાઈ માડણ મૈશેરી હ. ભરતભાઈ** (ડૉંબિવલી), **શ્રી કીર્તિભાઈ પદમશી લોડાયા** (સુથરી-મુલુડ)

## લકકી કુપન ડ્રૉ ના વિજેતા

કુપન નં. ૨૩૬ **શ્રીમતી ઉષાબેન નારાણજી મૈશેરી** ● કુપન નં. ૩૫૧/૩૬૨ **અ.સૌ. શિતલબેન કમલેશ ખોના**

**સુત્ર સંચાલન : અ.સૌ. ચેતનાબેન હરીયા** – પદ્મા આર્ટસ્ ● **કેટરર્સ :** ભલારા કેટરર્સ (દિપેશભાઈ - ભાંડુપ-વરાડીયા)

**લિ. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટ - મોટી સિંધોડી**

**નાં ટ્રસ્ટીશ્રીઓ – પદાધિકારીઓ તથા કારોબારી મિત્રોનાં સબહુમાન પ્રણામ....**




# સાતત્ય : રીતિ રિવાજ વિજ્ઞાનનું શ્રધ્ધામય આલેખન

સખીવૃંદ મહિલામંડળ પુણે તરફથી જ્ઞાતિને એક અદ્‌ભુત ભેટ મળી છે. આ ભેટના મુખ્ય શિલ્પી છે પુષ્પાબેન લોડાયા અને લતાબેન મોમાયા, રૂઢીઓ, રીતિરિવાજના ઉદ્દેશ બાબતે શોધખોળ કરી આ નજરાણું જ્ઞાતિ સમક્ષ પ્રસ્તુત કર્યું છે.

સ્વાનુભવ, સ્મૃતિ અને વિવિધ સ્રોતોમાંથી માહિતી મેળવી પરંપરાઓ અને રીતિરિવાજોનો દસ્તાવેજ તૈયાર કર્યો છે. સરળ અને સુબોધ ભાષામાં આપણી ભારતીય સંસ્કૃતિ વ્યક્તિના જીવનમાં મહત્ત્વના સોળ સંસ્કારોનું સિંચન કરે છે. જન્મથી લગ્ન અને નવી પેઢીના આગમન સુધીના વિવિધ ક્રિયાકલાપોનું આરોપણ કરે છે. આપણી જ્ઞાતિ પણ એ ક્રિયાઓનું અનુસરણ કરે છે. અલબત્ત પ્રદેશ, ભૌગોલિક અને જલવાયુ પ્રમાણે થોડા બહુત અંશે વૈદિક વિધિઓથી થોડા પ્રમાણમાં ફરક હોઈ શકે, પણ મૂળ ભાવના અને સિદ્ધાંત એક જ છે. જેનું આલેખન 'સાતત્ય'માં થયું છે.

'સાતત્ય'નો મુખ્ય હેતુ જ્ઞાતિના પ્રચલિત રીતિરિવાજ, એમની પાછળના કારણ અને ઉદ્દેશનો પરિચય જીવંત કરવાનો છે. જીવનના દરેક પ્રસંગને ઉત્સવ બનાવવાનો.

દા.ત. ક.દ.ઓ. જૈન જ્ઞાતિના લગ્ન પ્રસંગે વિશિષ્ટ રિવાજોમાં ખેતરપાર પૂજન અને કંઢી પૂજન શું છે અને શા માટે કરાય છે? એ જાણવું રસપ્રદ છે. સ્મૃતિમાં હોવા છતાં એનું મહત્ત્વ સમજાયું ન હતું તે આ પુસ્તિકાથી જાણી શકાય. આ અને એવા અનેક રિવાજો પાછળની વૈજ્ઞાનિકતા પણ સમજવા જેવી છે.

આજે આપણે મોટા ભાગના રિવાજ અને વિધિઓ જાણ્યા સમજ્યા વગર યંત્રવત્ ચાલી આવે છે એટલે ખાના પૂર્તિ માટે પાળીએ છીએ, એનો અમલ કરીએ છીએ. આ પાલન કરવું કે અમલ કરવું શ્રધ્ધાવિહિન થઈ રહેતા એના ખરા હેતુઓ માર્યા જાય છે. સાતત્ય એ બધા જ સોળ સંસ્કાર પાછળના આપણી જ્ઞાતિમાં પરંપરાથી પ્રચલિત રિવાજો ઉજવવાની રીતીઓ વગેરે પર પ્રકાશ પાડવાનો પુષ્પાબેન અને લતાબેને સુંદર પ્રયાસ કર્યો છે. આ પ્રયાસને પ્રકાશિત કરી જ્ઞાતિને આપેલી ભેટ બદલ સખી વૃંદને અભિનંદન.

આ પુસ્તીકામાં એક વાતની ઉણપ જણાઈ. એમાં પ્રસંગ પ્રમાણે રજુ થયેલા ગીત આપણી કચ્છી ભાષામાં નથી. જે રજુ કરવા જરૂરી હતા. સાતત્ય દરેક પરિવારે વાંચવી વસાવવી જોઈએ.

**પ્રકાશક : સખીવૃંદ મહિલા મંડળ-પુણે**

**પ્રસ્તુતિ : કેસરસિંહ ખોના જખૌ (ડોંબિવલી)**




Form IV

(See rule 8)

Statement about ownership and other particulars about CDO PRAKASH SAMIKSHA.

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | C/o. Hirachand Dand<br>A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |
| 2. Periodicity of publication | : | Fortnightly |
| 3. Printer's Name | : | Smt. Damayanti Dashrath Rajbhar<br>Partner, The New Millenium Printers |
| Nationallty | : | Indian |
| Address | : | The New Millenium Printers,<br>14A, Patra Shed,<br>Sitaram Mill Compund<br>N. M. Joshi Marg,<br>Lower Parel, Mumbai - 400 013 |
| 4. Publisher's Name | : | Hirachand Dand |
| Nationality | : | Indian |
| Address | : | A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |
| 5. Editor's Name | : | Hirachand Dand |
| Nationality | : | Indian |
| Address | : | A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |
| 6. Name & Address of Owner | : | SHRI C.D.O.PRAKASH SAMIKSHA SAMITI<br>A/704, Remi Bizcourt,<br>Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai-400 053. |

I Hirachand Damji Dand, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 20.3.2022

sd/-

Hirachand Damji Dand

Signature of Publisher



॥ શ્રી અજિતનાથાય નમઃ ॥ રજી નં. એ-૭૫-જામનગર

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦

મુંબઈ કાર્યાલય : C/o. ૨૦૮, ભાવેશ્વર કૉમ્પ્લેક્સ, રેલ્વે સ્ટેશન પાસે, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.

**પ્રિય ગામવાસી ભાઈઓ, પ્રણામ !** તા. ૨૦-૩-૨૦૨૨

આપ સૌના આશિર્વાદથી **રવિવાર તા. ૧૩-૩-૨૦૨૨**ના મુંબઈ ખાતે યોજેલ **''સામાન્ય સભા''**માં આગામી પાંચ વર્ષ (તા. ૧-૪-૨૦૨૨ થી તા. ૩૧-૩-૨૦૨૭) માટે નવા ટ્રસ્ટ બોર્ડની નીમણુંક થયેલ છે. સર્વ સંમતીથી ફરી આજ ટ્રસ્ટ બોર્ડ આગામી પાંચ વર્ષ માટે કાર્યરત રહેશે. ફરીથી નીમણુંક થયેલ સર્વે ટ્રસ્ટીઓને ખૂબ ખૂબ અભિનંદન.

- દેરાસર ''સર્વ સાધારણ'' દરેકના રૂા. ૩૦૦૦/- લેખે નામો નોંધવાનું ચાલુ છે. અત્યાર સુધી ૮૦ નામો નોંધાયેલ છે. તા. ૧૦-૪-૨૦૨૨ સુધી નામો **શ્રી પ્રવીણ રાયચંદ લોડાયા** (મો. **98338 19689**)ને લખાવવા વિનંતી. બેનર બનાવી (૧-૪-૨૦૨૨ થી ૩૧-૩-૨૦૨૩) દલતુંગી દેરાસરના પરિસરમાં લગાવીશું. શક્ય હશે તો પ્રકાશ સમીક્ષામાં જાહેરાત આપીશું.
- દેરાસર પરિસરમાં દેવ-દેવીઓની પ્રતિમાંની પ્રતિષ્ઠાનું મુહુર્ત વૈશાખ સુદ ૪ ને બુધવાર તા. ૪-૫-૨૦૨૨ના અચલગચ્છાધિપતિ **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** પાસેથી મળેલ છે. શક્ય હશે તો **પ.પૂ. સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ. સા. શ્રી કોટીગુણાશ્રીજી મ.સા.** ની નિશ્રામાં પ્રતિષ્ઠાનું આયોજન કરીશું.

૧) **શ્રી પદમાવતી દેવી** (નકરો રૂા. ૨.૦૦ લાખ) લાભાર્થી **શ્રી ભૂપેન્દ્રભાઈ પુનશી ખોના પરિવાર** હસ્તે **શ્રી રાહુલ ખોના** (દાદર)

૨) **શ્રી નાકોડા ભૈરવ દેવ** (નકરો રૂા. ૨.૫૦ લાખ) લાભાર્થી **માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા પરિવાર** (મુલુંડ)

૩) **શ્રી મહાલક્ષ્મી દેવી** (નકરો રૂા. ૨.૫૦ લાખ) લાભાર્થી **માતુશ્રી સોનબાઈ જેઠાલાલ લાપસીયા પરિવાર** (મુલુંડ)

૪) **શ્રી ભોમિયાજી દેવ** (નકરો રૂા. ૨.૦૦ લાખ) **દાતા આવકાર્ય**

૫) **શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ** (નકરો રૂા. ૨.૦૦ લાખ) **દાતા આવકાર્ય**

૬) **શ્રી સરસ્વતી દેવી** (નકરો રૂા. ૨.૦૦ લાખ) **દાતા આવકાર્ય**

- દલતુંગી ગામની નિયાણી દિકરીઓ, મિત્રો, સ્નેહીજનો, શુભચિંતક વહેલો તે પહેલાના ધોરણે લાભ લઈ શકશે. નામો **શ્રી પ્રવિણ રાયચંદ લોડાયા** (મો. **98338 19689**)ને લખાવવા વિનંતી.
- શ્રી અજિતનાથ દાદાની ૧૧૯મી ધ્વજા રોહણનો લાભ **માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા પરિવારે** લીધો છે. પરિવારની ખૂબ ખૂબ અનુમોદના. ધ્વજા વૈશાખ સુદ ૫ને ગુરૂવાર તા. ૫-૫-૨૦૨૨ના દલતુંગી ગામે યોજાશે. ૧૮ અભિષેક **(નકરો રૂા. ૧૧૫૧/-)** તથા સત્તરભેદી પુજા **(નકરો રૂા. ૮૫૧/-)** રાખેલ છે. નામો **શ્રી પ્રવિણભાઈ**ને નોંધાવી લાભ લેવા વિનંતી. વિધિકાર **શ્રી કલ્પેશભાઈ શાહ,** સંગીતકાર **શ્રી વિક્રમભાઈ મહેતા, સંગીત મંડળી** સાથે પધારશે.
- મુંબઈ ખાતે યોજેલ ''સામાન્ય સભા''માં દલતુંગી ભોજનશાળા, મહાજનવાડી રૂમના ચાર્જિસ નક્કી કરેલ છે. ભવિષ્યમાં જરૂરીયાત મુજબ વધારો/ઘટાડો કરવામાં આવશે. જેની સૌ ગામવાસીએ નોંધ લેવી.
- મહાજનવાડી પરિસરમાં બાળકોને રમવા માટે લગાવેલ રમત-ગમતના સાધનોના દાતા **માતુશ્રી રેખાબેન પ્રફુલભાઈ ચાંપશી શિયાલ,** મુલુંડ. દાતા પરિવાર તરફથી **રૂા. ૧,૧૧,૧૧૧/-**નું યોગદાન પ્રાપ્ત થયેલ છે. પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.
- મહાજનવાડી ''ભોજનશાળા'' માં **RO પ્લોન્ટ** ''શુધ્ધ પેયજલ'' લગાવેલ છે. જેનો સૌ ગામવાસીઓ ભરપુર લાભ લઈ રહ્યા છે. દાતા આવકાર્ય. નકરો **રૂા. ૨,૦૧,૦૦૦/-** રાખેલ છે. **RO** પ્લોન્ટ જ્યાં છે ત્યાં તથા બહાર સુંદર તક્તિ લગાવીશું. નામ વહેલા તે પહેલાના ધોરણે **શ્રી પ્રવિણભાઈ લોડાયા**ને લખાવી લાભ લેવા વિનંતી.

તો ચાલો સૌ ગામવાસીઓ દેવ-દેવીઓની પ્રતિષ્ઠા તથા શ્રી અજિતનાથ દાદાની ૧૧૯મી ધ્વજા રોહણ નિમિત્તે બહોળી સંખ્યામાં પધારી ઉત્સાહથી ભાગ લઇએ. તથા શ્રી અજિતનાથ દાદાના આશિર્વાદ મેળવીએ જેથી ભવિષ્યમાં દલતુંગી ગામ નવા શિખરો સર કરે એજ પ્રાર્થના...

**ટ્રસ્ટ બોર્ડ** **(તા. ૧-૪-૨૦૨૨ થી તા. ૩૧-૩-૨૦૨૭)**

**શ્રી પ્રવિણ જેઠાલાલ લાપસીયા** (પ્રમુખ) - **98210 92767**
**શ્રી વનરાજ દામજી માલદે** (ઉપપ્રમુખ) - **98194 61510**
**શ્રી દિલીપ ડુંગરશી લાપસીયા** - **92144 26142**
**શ્રી પંકજ હિરજી માલદે** - **72081 56691**
**શ્રી પ્રવિણ રાયચંદ લોડાયા** - **98338 19689**

**સ્થાનિક ટ્રસ્ટી**

**શ્રી શામજી પેથરાજ શિયાળ** - **75671 40940**
**શ્રી ઉત્તમચંદ શામજી માલદે** - **87809 76364**

લિ. **શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર !**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મુનિ શ્રી પૂર્ણભદ્રસાગરજીને ૬ઠ્ઠી મે ના ગણીવર્ય તથા ઉપાધ્યાય પદવી અર્પણ થશે

રાષ્ટ્રસંત અચલગચ્છઆધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મહારાજા સાહેબના આશીર્વાદ અને



વરદ્ હસ્તે ભુજની ધન્ય ધરા ઉપર આજથી ૪૭ વર્ષ પૂર્વે વર્ષ ૧૯૭૫માં પોતાના માતા-પિતા અને બહેન સાથે પૂજ્ય મુનિરાજ શ્રી પૂર્ણભદ્રસાગરજી મહારાજ સાહેબના સમસ્ત પરિવારની ઐતિહાસિક દીક્ષા થઈ હતી.

જેમના વડીલો મુળ કચ્છ-કુનરિયાના હતા, ૧૯૫૮ની ૧૯મી ઓગષ્ટે ભુજમાં જન્મેલા આ તેજસ્વી પ્રકાશકુમારે ૧૫ વર્ષની ઉંમરે દીક્ષા ગ્રહણ કરી પૂજ્ય મુનિ પૂર્ણભદ્રસાગરજી બન્યા હતા. તીવ્ર યાદશક્તિ અને ગુરૂકૃપાની અનન્ય શ્રદ્ધાથી તેમણે સંસ્કૃત-પ્રાકૃત-વ્યાકરણ-ન્યાય અને શાસ્ત્રાભ્યાસ દ્વારા વિદ્વતા સાથે પ્રવચનના ક્ષેત્રે યશસ્વી નામના મેળવી.

જિનશાસન શિરોમણી તપસમ્રાટ અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મહારાજા સાહેબની અમૂલ્ય કૃપા દ્રષ્ટિ પ્રાપ્ત કરેલ. સાહિત્યદિવાકર, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજા સાહેબે પદપ્રદાનની અનુજ્ઞા સાથે શુભ આશીર્વાદ આપ્યા છે. અને તેઓશ્રીની નિશ્રામાં એમનાં જ વરદ્ હસ્તે આ પદપ્રદાનવિધિ ૭૨ જિનાલય મહાતીર્થે કચ્છમાં થશે. પદ અર્પણનો આ મહાન પ્રસંગ, અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘ મુંબઈનાં આયોજન હેઠળ શ્રી યશોધન વર્ધમાન ૭૨ જિનાલય ટ્રસ્ટના સહયોગથી ઉજવાશે.

ડોંબિવલી, શંખેશ્વર અને ભુજ મધ્યે તેઓશ્રીના પદ પ્રદાનની વિધિવત જાહેરાત કરવામાં આવી હતી. પાટનગર કચ્છ ભુજના રત્ન જૈન મુનિ શ્રી પૂર્ણભદ્રસાગરજી મહારાજ સાહેબને ૬ મેના ગણીવર્ય અને ઉપાધ્યાય પદ અર્પણ કરાશે.

### શ્રી પ્રગતિ મહિલા મંડળ - મોટી સિંધોડી

પ્રગતિ મહિલા મંડળ દ્વારા વુમન્સ ડે નિમિત્તે ''આજની નારી સબ પર ભારી'' પરનો પ્રોગ્રામ અનિતાબેન ભરત લોડાયાના ઘરે રાખ્યો તો. જેમા ૪૦ (ચાલીસ) જેટલા સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં નવ બહેનોએ વિવિધ મોનો એક્ટીંગ કરેલ. અરૂણાબેન લોડાયાને પ્રથમ ઈનામ મળેલ અને અન્ય ભાગ લેનાર સભ્યોને પણ આશ્વાસન ઈનામો આપવામાં આવેલ. ફોરમ ધરમશીએ ગેમ રમાડી હતી. મોટી સિંધોડી ગામની નિયાણી બહેન શ્રીમતી લક્ષ્મીબેન લોડાયા એ મંડળની કમિટી બહેનોનું બહુમાન કર્યું હતું. મંડળના પ્રમુખ જ્યોત્સનાબેન મૈશેરીએ લક્ષ્મીબેનનો આભાર વ્યક્ત કર્યો હતો.

### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટ - મોટી સિંધોડી સ્નેહમિલન ૨૦૨૨

ટ્રસ્ટ બોર્ડ, મહાજનશ્રી, શ્રી પ્રગતિ મહિલા મંડળ અને શ્રી નેમ યુથ ફોરમના સંયુક્ત ઉપક્રમે સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ.

પ.પૂ. સા. શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.ની નિશ્રા, યતિશ્રી મોતીસાગરજી મ.સા.ની નિશ્રા. મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટની ટીમની ઉપસ્થિતિ. મોટી સિંધોડી ગામના ગઢવી સમાજની હાજરી સહ એમના દ્વારા આપણા ગામના મહાજન પ્રમુખ હર્ષાબેન તથા ટીમનું અભિવાદન કર્યું. શ્રી પ્રગતિ મહિલા મંડળની બહેનોનો સુંદર સાથ સહકાર, શ્રી યુથ ફોરમની ટીમ દ્વારા પ્રેઝેંટેશન કરવામાં આવ્યું. ભાંડુપ અચલગચ્છ જૈન સંઘના નવા વરાયેલા પ્રમુખ શ્રી કીર્તિભાઈ હરીયાનું અભિવાદન કરવામાં આવ્યું. વિશેષ ઉપસ્થિતિમાં શ્રી સોમચંદભાઈ લોડાયા, શ્રી સુરેશભાઈ


**લગ્ન સંબંધી**

(મુંબઈ નજીક) ગુજરાત સ્થિત ૧૯૮૫માં જન્મેલ પોતાનો Consultancy નો Business ધરાવનાર કુંવારા યુવક માટે સંસ્કારી યુવતીના વડીલો સંપર્ક કરે. : **Mob.: 93759 79899.**


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

ધરમશી, શ્રી હીરાલાલ મહારાજ, ગઢવી સમાજના અગ્રણીઓ, શ્રી રતીલાલભાઈ મોમાયા (વરાડીયા), શ્રી પ્રવિણભાઈ લોડાયા (આરીખાણા) કાર્યક્રમનું સુત્ર સંચાલન શ્રી દિનેશભાઈ મૈશેરી દ્વારા કરવામાં આવ્યું. શ્રી પ્રગતિ મહિલા મંડળનો અહેવાલ અ.સૌ. નિતાબેન મુકેશ લોડાયા આપેલ. સ્નેહ મિલન માટે શ્રી રાજેશભાઈ લોડાયા, શ્રી કિરણભાઈ પટેલ, માતુશ્રી લક્ષ્મીબાઈ ખીમજી રતનશી મૈશેરી પરીવાર, શ્રી જયેશભાઈ મૈશેરી, શ્રી વિજયભાઈ મોમાયા, શ્રી રાયચંદભાઈ (કોચીન), શ્રી કાનજીભાઈ ગઢવી વગેરે દ્વારા શુભેચ્છા સંદેશા પાઠવવામાં આવેલ. મહાજનશ્રીના પ્રમુખ શ્રી ભરતભાઈ લોડાયા આભાર વિધી કરી.

સમારંભ પ્રમુખશ્રી : શ્રી ચિમનલાલ લધુભાઈ લોડાયા, મોટી સિંધોડી – મુલુંડ, અતિથિ વિશેષશ્રી : શ્રી કીર્તિભાઈ પદમશી લોડાયા, સોનથરી – મુલુંડ.

**સેંધવા જિનાલયનો ધ્વજારોહણ મહોત્સવ**

સેંધવા નગર(મ.પ્ર.) સંઘ સંચાલિત આદિનાથ જિનાલયનો ૩૩મો ધ્વજારોહણ મહોત્સવ વિધિવિધાનપૂર્વક રંગેચંગે સંપન્ન થયો. વિધિકાર હતા નિખિલ હરિયા.

**પ.પૂ. આચાર્યશ્રી વિમલસાગરસૂરીશ્વરજી મ.સા.**

પ.પૂ. આચાર્ય શ્રી વિમલસાગર સૂરીશ્વરજી મ.સા. મૈસૂર ઉટીથી વિહાર કરી દક્ષિણ ભારતના તીરૂપૂર નગરે પધાર્યા. સંઘના ટ્રસ્ટી રતિલાલ વેરસી નાગડા અને પ્રતાપ હંસરાજ નાગડાની આગેવાનીમાં વિહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**શ્રી કુમઠાવાલગીરી જિનાલય**

શ્રી અનંતનાથજી ટ્રસ્ટ મુંબઈ સંચાલિત કુમઠા અને વાલગીરી ખાતે અનુક્રમે શાંતિનાથ ભગવાન તથા પાર્શ્વનાથ ભગવાન જિનાલયોમાં અઢાર અભિષેક પૂજન સહિત શાસ્ત્રોક્ત ધર્મઆરાધનાનું આયોજન સંપન્ન થયું હતું.

**બેંગલુરૂ કચ્છી ભવન**

દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમના બેંગલુરૂ સ્થિત માતુશ્રી ઝવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી કચ્છી ભવનમાં ઓનલાઈન બુકીંગનું કીર્તિભાઈ ધનજી ધરમશીના હસ્તે ફોરેસ્ટકી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

**કે.ડી.ઓ. મહિલામંડળ અને યુવામંચ વડોદરા**

કે.ડી.ઓ. મહિલા મંડળ અને યુવામંચ વડોદરા દ્વારા તા. ૮.૩.૨૦૨૨ના દિને ઝંબા ડાન્સ ફિટનેસ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫ વર્ષથી ૬૫ વર્ષ ઉંમરની મહિલાઓએ ભાગ લીધો હતો.

**હીંકારસાગરજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા**



વર્ધમાન તપોનિધિ પ.પૂ. મુનિરાજ શ્રી હીંકારસાગરજી મ.સા. ૮૯ વર્ષની વયે પરમ પાવન વર્ધમાન જપની ૧૦૦મી ઓળીના ૬૦મા આયંબિલે ૧૦.૩.૨૦૨૨ના રોજ કાળધર્મને શરણે થયા.

હીંકારસાગરજી મ.સા. ૯ માર્ચ ૧૯૩૩ના દિને નલિયા તીર્થે માતુશ્રી પાનબાઈ અને શ્રી ભવાનજી નાગશી રાજપાલ ભીંયશી ખોનાના ઘેર હીરાચંદ નામે અવતર્યા.

આયુષ્યના ૬૩મા વર્ષે હીરાચંદભાઈએ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય વર્તમાન ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.ના શિષ્ય બન્યા એ ૭૨ જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદય સાગરસૂરીશ્વર મ.સા.ના વરદ હસ્તે વૈશાખ શુક્લ ૫, સંવત ૨૦૫૨ અને તા. ૨૨.૫.૧૯૯૬ના દિને હીંકારસાગરજી મ.સા.ના નામે નવ જન્મ પામ્યા.

**મહેંદી ક્વીન વીણા નાગડાને રાજ્યપાલના હસ્તે રાજ્ય નારી શક્તિ ઍવૉર્ડ**



રાજનેતા, હોલીવુડ–બોલીવુડ અને ઉદ્યોગજગતના માનીતા મહેંદી આર્ટીસ્ટ એન્ટરપ્રેન્યર વીણા નાગડાને અંતરરાષ્ટ્રીય મહિલા દિન (૮ માર્ચ) નિમીત્તે મહારાષ્ટ્રના ગવર્નર ભગતસિંહજી કોશિયારીના હસ્તે રાજ્ય નારીશક્તિ પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે.

૫૫૦૦૦થી વધુ તરૂણીઓને મહેંદી કળામાં પારંગત કરી પગભર કરી છે તો દેશ વિદેશની પત્ર–પત્રિકાઓમાં ૨૦૦થી વધુ લેખ એમના વિશે પ્રસિદ્ધ થયા છે. ૪૦ વર્ષથી વધુ સમયથી મહેંદી કલાની સાધના કરનાર વીણાબેનને પ્રકાશ સમીક્ષાના અભિનંદન.

## સખી વૃંદ મહિલા મંડળ પુણે દ્વારા સાતત્ય ''ના તૂટે તેવી પરંપરા''ઈ બુકનું વિમોચન



૪ માર્ચ ના Zoom તથા youtube પર લાઈવ યોજવામાં આવ્યું હતું જેમાં ૧૦૦થી વધુ અતિથિગણ દેશ-વિદેશમાંથી હાજર હતા. વિમોચનના કાર્યક્રમની શરૂઆત કાશ્મીરાબેન લોડાયા દ્વારા નવકાર મહામંત્રના પઠનથી કરવામાં આવી હતી. કોમલબેન દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું. ૨૯ વર્ષ દરમિયાનના સખી વૃંદ મહિલા મંડળ દ્વારા કરવામાં આવતા વિવિધ કાર્યક્રમોની ઝલક દર્શાવતો વિડીયો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. મીતા પ્રશાંત લાલકા એ પ્રસંગને અનુરૂપ પોતાનો અનુભવ રજૂ કરી અતિથિ ગણને આવકાર્યા હતા. કલ્પના દુષ્યંત લાપસીયા દ્વારા સાતત્ય ઈ બુકની સુંદર સફરના દરેક પાસાઓ તરફ સર્વેનું ધ્યાન દોર્યું હતું. આ કાર્યક્રમમાં હાજર રહેલ સર્વે મુખ્ય અતિથિ એવમ વિશેષ અતિથિ નો પરિચય કોમલ કલ્પેશ ધરમશી, લેખા જીનેશ માલદે ,ચાંદની અમિત લોડાયા તથા સોનલ દિપક લોડાયા એ અનોખા અંદાજમાં કરાવ્યો હતો.

મુખ્ય અતિથિ કચ્છ રત્ન શ્રી તરૂણ રતનશી લોડાયા, નારી રત્ન એડવોકેટ મિનલ ભરત ખોના તથા વંદનીય જીવન હિરાચંદ નાગડા ના વરદ હસ્તે ઈ બુકનું વિમોચન કરવામાં આવ્યું. મુખ્ય અતિથિઓ દ્વારા ઈ બુકની ભવ્યતા તથા ઉપયોગીતાનો પ્રભાવ સર્વે સમક્ષ વ્યક્ત કરવામાં આવ્યો તથા ઈ બુક ની સફળતા માં ઉત્તરોત્તર વધારો કરવા માટે મહત્વના સૂચનો આપ્યા હતા.

અતિથિવિશેષ : શ્રી મનીષ ભવાનજી લોડાયા, શ્રી જયંત વિશનજી છેડા, શ્રીમતી ચંદ્રિકા ભુપેન્દ્ર લોડાયા, શ્રી મનોજ પ્રેમચંદ ધરમશી તથા ચિરંજીવી મીત સંજય મૈશેરી ઉપસ્થિત હતા.

Ebook મેળવવા માટે તમે સંપર્ક કરી શકો છો. કલ્પના દુષ્યંત લાપસીયા ૯૮૯૦૬૯૧૩૯૧ તથા મીતા પ્રશાંત લાલકા ૯૮૮૧૦૪૯૭૬૮.

આ લીંક ઉપર ક્લિક કરતાં તમે ઈ બૂક મેળવી શકો છો.
https://drive.google.com/file/d/133TlGFOe9anKVfzm6HlMeaBdzC9zdRpB/view?usp=drivesdk

(વધુ સમાચાર કલર પાના નં. ૨૯ ઉપર)

## વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

### કચ્છી કેસૂડો

ફાગણ આવતા કચ્છમાં ક્યાંક ક્યાંક કેસૂડો મ્હોર્યો છે. અગાઉ આખા કચ્છમાં જોવા મળતો કેસૂડો હવે દુર્લભ થઈ ગયો છે. 'ફાયર લેડી ઓફ ફોરેસ્ટ' તરીકે જાણીતા આ વૃક્ષના ફૂલ અનેક પરંપરાઓ સાથે સંકળાયેલ છે.

નાનપણમાં અમે કેસૂડાના ફૂલ ઉકાળી મેળવેલ રંગીન પાણીથી હોળી રમતા એવું યાદ છે. એ સિવાય બાળકને જન્મથી કેટલાક દિવસ સુધી કેસૂડાના પાણીથી નવડાવવાનો રિવાજ હતો તો વરરાજાને પણ લગ્ન પહેલા કેસૂડાના પાણીથી કેટલાક દિવસ સ્નાન કરાવાતો. જાણકારોના કહેવા પ્રમાણે આથી ત્વચા સુંદર અને મુલાયમ થાય છે. ત્વચારોગમાં પણ રાહત મળતી પણ હવે વો દિન કહાઁ?

### ગેડીની પ્રાચીન સેલોરનું પાવન જળ

એમ કહેવાય છે કે ગેડીની લગભગ ૬૫૦ વર્ષ જૂની સેલોર વાવનું પાણી ઔષધીય ગુણ ધરાવે છે. આથી વાગડવાસીઓ ગંગાજળ ઉપલબ્ધ ન હોય તો અંત સમયે આ વાવના પાણીનું અંતિમ સમયનું આચમન કરાવે છે.

### કુનરિયાની આનંદી

મહિલા દિન નિમીત્તે કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ પ્રધાન શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ દેશમાંથી કુલ સાત મહિલાઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ સાધ્યો હતો. આ સંવાદમાં સામેલ કુનરિયાની આનંદીબેન અરૂણભાઈ છાંગા એ દેશભરમાં બાલિકા પંચાયત શરૂ કરવાનો સુઝાવ આપ્યો હતો. જે માનનીય પ્રધાનશ્રીએ સ્વીકાર્યો હતો. ૧૩ વર્ષની આનંદી બાલિકા પંચાયતની સભ્ય છે.

### રણોત્સવ ધનોત્સવ

રણોત્સવમાં કોરોનાના નિયંત્રણો છતાં ૧.૭૩ લાખથી વધુ પર્યટકોએ લાભ લીધો હતો. આથી સ્થાનિક કચ્છ ઉપરાંત રણોત્સવના વિવિધ કાર્યક્રમો અને હુનરહાટ જેવા આયોજનોના લીધે લગભગ ૬.૫ કરોડ રૂપિયાની આવકનું અનુમાન જાહેર કરતાં રાજ્યના પ્રવાસન પ્રધાન પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે કચ્છમાં પ્રવાસનને વેગ આપવા ૧૯ ટૂરીસ્ટ સર્કિટની યોજના લાગુ કરાઈ રહી છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). આધ્યાત્મિકતાની શરૂઆત વિચારબીજથી થાય છે**

## જીવન ચક્ર

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૦૧.૨૦૨૨ | નવી મુંબઈ | વીર્તી, રીતુ અંકિત ધરમશી | નાની સિંધોડી | પુત્રી |
| ૧૮.૦૨.૨૦૨૨ | મુલુંડ | મોક્ષ, માનસી પ્રીતેશ મોતા | તેરા | પુત્ર |
| ૦૧.૦૩.૨૦૨૨ | મુલુંડ | ખિઆના, ઉર્વી મોનેશ ધરમશી | સુથરી | પુત્રી |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૩.૨૦૨૨ | સાંગલી | કરન રાજેશ દેવજી ધરમશી | સુથરી | ૨૭ |
| | ઘાટકોપર | સમીરા યોગેશ વિસનજી મોમાયા | વરાડિયા | ૨૭ |
| ૦૪.૦૩.૨૦૨૨ | ઘાટકોપર | ભાવેશ નવીન ધનજી દંડ | કોઠારા | ૪૦ |
| | મુલુંડ | સોનલ ગુલાબચંદ વેરશી પોલડિયા | પોલડિયા | ૩૮ |
| ૦૪.૦૩.૨૦૨૨ | મુલુંડ | અંકિત સુનીલ વાલજી ખોના | સાંધવ | ૩૧ |
| | હૈદરાબાદ | દેવાંગી ગુલાબ હીરજી મોતા | રાપર | ૩૨ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૩.૨૦૨૨ | ચેમ્બુર | ધવલ વિજય લખમશી ગાલા | કાંડાગરા | ૨૯ |
| | ભાંડુપ | નિધિ પ્રતાપ ચાંપશી નાગડા | તેરા | ૨૭ |
| ૦૪.૦૩.૨૦૨૨ | હૈદરાબાદ | દર્શન ગુલાબ હીરજી મોતા | રાપર | ૨૭ |
| | હૈદરાબાદ | નિકિતા દર્શનદાસ કમલદાસ વૈષ્ણવ | હૈદરાબાદ | ૨૬ |
| ૦૫.૦૩.૨૦૨૨ | મઝગાવ | શ્રેયસ જયદીપ મણીલાલ મહેશ્વરી | સાંયરા | ૨૮ |
| | નેપીયન્સી રોડ | માસૂમી અમિત મહેન્દ્ર શાહ | પાટણ | ૨૮ |
| ૦૭.૦૩.૨૦૨૨ | અંકલેશ્વર | વિરલ મણીલાલ નાગશી નાગડા | કોઠારા | ૨૭ |
| | તિનચારી | મોનાલી સુભાષ શંકર જહાડડે | કોકનઠાન | ૨૭ |

### જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૨.૨૦૨૨ | અમદાવાદ | વૃષભ રમેશ કેશવજી મોતા | લાખણીયા | ૩૧ |
| | કલીકટ | હેમાલી હિરાચંદ પદમશી મોતા | નલિયા | ૩૦ |
| ૧૫.૦૨.૨૦૨૨ | મલકાપુર/દિવા | દર્શન ભરત ઉત્તમચંદ મુનવર | કોઠારા | ૨૯ |
| | ચાલીસગામ | મોનિકા શિરીષ વેરશી શિયાલ | દલતુંગી | ૨૮ |
| ૧૭.૦૨.૨૦૨૨ | ઘાટકોપર | હર્ષ મનોજ માણેકજી દંડ | બાયઠ | ૨૬ |
| | નાંદેડ | ટીના પારસ કુલિનકાંત નાગડા | તેરા | ૨૫ |
| ૨૨.૦૨.૨૦૨૨ | અમદાવાદ | રોહન સંજય લક્ષ્મીચંદ મોતા | સુથરી | ૨૮ |
| | સોલાપુર | વીરલ રમેશ લીલાધર દંડ | કોઠારા | ૨૫ |
| ૨૫.૦૨.૨૦૨૨ | ઈંદોર | મલય સુનીલ મેઘજી મોતા | તેરા | ૩૧ |
| | કોચીન | દર્શના ગીરીશ મુલચંદ મોમાયા | વરાડીયા | ૨૯ |

## આંતરજ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૦૨.૨૦૨૨ | ભુજ | પુનિત પ્રદીપ લધુભાઈ દંડ | મંજલ | ૨૫ |
| | ભુજ | રિદ્ધિ સંજય બાબુલાલ શાહ | ભુજ | ૨૪ |
| ૧૭.૦૨.૨૦૨૨ | વડાલા | યશ મુકેશ કુંવરજી ધરમશી | સુથરી | ૩૧ |
| | દાદર | કુંજન રાજેશ શાંતિલાલ સંઘવી | જાફરાબાદ | ૨૭ |
| ૧૭.૦૨.૨૦૨૨ | અંજાર | ગૌરવ લહેરચંદ લક્ષ્મીચંદ લોડાયા | આરીખાણા | ૨૭ |
| | અંજાર | રીતૂ ગીરીશ વિષ્ણુપ્રસાદ મુલચંદાણી | જુનાગઢ | ૨૫ |
| ૧૮.૦૨.૨૦૨૨ | ચેમ્બુર | ગૌરવ કલ્યાણજી ધનજી વીરા | નવાવાસ | ૨૯ |
| | ખંડવા | કેયા ચેતન નવીનચંદ્ર નાગડા | નલિયા | ૨૯ |
| ૧૮.૦૨.૨૦૨૨ | ચેન્નઈ | પ્રતિક કિશોર મોતા | નલીયા | ૨૫ |
| | ચેન્નઈ | ડૉ. સ્નેહા ગૌતમચંદજી બોકાડીયા | જોધપુર | ૨૫ |
| ૧૯.૦૨.૨૦૨૨ | ડોંબિવલી | દર્શક નિરંજન પદમશી ડાઘા | વરાડીયા | ૨૯ |
| | ઘાટકોપર | ભક્તિ રાજન લક્ષ્મણ નાઈક | માલવણ | ૨૮ |
| ૨૦.૦૨.૨૦૨૨ | ઘાટબોરલ | પવનકુમાર પ્રભાકર સિરપથરાવ | હલ્લીખેડે | ૨૯ |
| | રાયચુર | ધારા ગિરીશ લાલજી લાપસિયા | સાંયરા | ૨૮ |
| ૨૨.૦૨.૨૦૨૨ | બોરીવલી | જિતેન જયેશ જયંતિલાલ સરવૈયા | તળાજા | ૩૨ |
| | મુલુંડ | નિકીતા અશોક નરશી લાપસીયા | દલતુંગી | ૨૯ |
| ૨૫.૦૨.૨૦૨૨ | ભાંડુપ | કેવિન રાજેશ પ્રેમજી ગડા | મોટા લાયજા | ૨૫ |
| | ડોંબિવલી | દિશા અતુલ સોમચંદ લાલકા | વારાપધર | ૨૫ |
| ૨૭.૦૨.૨૦૨૨ | અંધેરી | નીરજ મનોજ ઝવેરચંદ લોડાયા | નલીયા | ૩૧ |
| | ઘાટકોપર | નેહા દેવેન્દ્ર ખેતશી નાગડા | ગઢશીશા | -- |
| ૨૮.૦૨.૨૦૨૨ | થાણા | મોહિલ રાજેન્દ્ર ભવાનજી ગડા | ગોએરસમા | ૨૬ |
| | થાણા | હિરલ જગદીશ ગંગારામ ચંદે | મઉ | ૨૫ |

## જ્ઞાતિ લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૧૧.૨૦૨૧ | ડોંબિવલી | આકાશ દેવેન્દ્ર હીરજી ધરમશી | તેરા | ૩૧ |
| | હૈદ્રાબાદ | રશ્મી નીતિન ભીકુભાઈ લોડાયા | સાંધવ | ૨૯ |
| ૧૮.૧૧.૨૦૨૧ | ભુજ | અજેશ પ્રબોધ હીરાચંદ મુનવર | કોઠારા | ૩૩ |
| | મુલુંડ | રીચા સતીશ વિસનજી નાગડા (મેપાણી) | પરજાઉ | ૩૨ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૦૩.૨૦૨૨ | વડાલા | પાનબાઈ ધનજી લોડાયા | દલતુંગી | ૯૦ |
| ૦૪.૦૩.૨૦૨૨ | સોલાપુર | લલિતભાઈ ખેતશી ધરમશી | સાંધાણ | ૭૩ |
| ૦૫.૦૩.૨૦૨૨ | હૈદ્રાબાદ/વડોદરા | ચંદ્રકાંત હેમરાજ મૈશેરી | જખૌ | ૭૦ |
| ૦૫.૦૩.૨૦૨૨ | સુજાલપુર | ગુણવંતીબેન શાંતીલાલ લોડાયા | નલીયા | ૮૭ |
| ૦૬.૦૩.૨૦૨૨ | મુલુંડ | વિજયાબેન બંકીમચંદ્ર કુરૂવા | ગોધરા | ૮૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૦૩.૨૦૨૨ | સીન્નાર | રત્નપ્રભા લક્ષ્મીચંદ મોતા | વાંકૂ | ૭૩ |
| ૧૦.૦૩.૨૦૨૨ | અમદાવાદ | નલીનીબેન કિશોર લાલકા | લાલા | ૬૭ |
| ૧૧.૦૩.૨૦૨૨ | મુલુંડ | તેજસ વાલજી લોડાયા | સાંયરા | ૫૨ |
| ૧૨.૦૩.૨૦૨૨ | અમદાવાદ | તિલકબેન શામજી લોડાયા | જખૌ | ૭૮ |
| ૧૨.૦૩.૨૦૨૨ | કલીકટ | હિરાચંદ રતનશી છેડા | સુજાપુર | ૮૪ |
| ૧૩.૦૩.૨૦૨૨ | અહમદનગર | હરીશભાઈ શામજી મૈશેરી | કુઆપધર | ૭૧ |
| ૧૫.૦૩.૨૦૨૨ | ડોંબિવલી | રંજનબેન મહેન્દ્ર ધરમશી | ભરૂડીયા | ૬૯ |
| ૧૫.૦૩.૨૦૨૨ | મૂર્તિજાપુર | સુધીર વીરચંદ મોતા | તેરા | ૬૧ |
| ૧૫.૦૩.૨૦૨૨ | સીરસી | સોમચંદ જીવરાજ મોમાયા | સીંધોડી મોટી | ૬૦ |
| ૧૫.૦૩.૨૦૨૨ | નવી મુંબઈ | લક્ષ્મીબેન ચંદ્રકાંત હેફા (વિંઝાણી) | જખૌ | ૭૫ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Smt. Nirmala Navinchandra Shah(Lodaya)**
(PS-1741)
601, Neptune Florencia, Opp Kalidas,
P. K. Road & Valji Ladha Road Corner,
Mulund (W), Mumbai, MH - 400080.
M. : Sandip Lodaya - 9867167387

**Shri Prakash Tokarshi Lalka** (PS-1014)
604, 6th Floor, Amar Jyot CHS,
Building No. 202, Housing Colony,
Ramnarayan Natkar Marg,
Opp. Odeon Swimming Pool, Ghatkopar (East),
Mumbai, MH - 400 077.
M. : 97737 79432.

**Shri Bharat Narshi Maisheri** (PS-1767)
B-21, Gangeswer Ashish, 2nd Floor,
Near Raymond Shop, Manpada Road,
Dombivli (East) MH - 421 201
M. : 80971 31368

**Shri Narendra Kuvarji Lalka** (PS-553)
A-604, New Usha Nagar, 6th Floor,
Village Road, Bhandup (West),
Mumbai, MH - 400078
M. : 93225 95344.

**Smt Rajula Sunil Gosar** (PS-1184)
A-504, New Usha Nagar, 5th Floor,
Village Road, Bhandup (West)
Mumbai, MH - 400 078
M. : 99694 29737

**Shri Arvind Manilal Dand**
(PS-1987)
A-1004, Tulsi Aura,Sector 8,
Plot No. 20&21, Ghansoli,
Navi Mumbai, MH - 400 701.
M. : 92233 57080

**Shri Dipak Velji Lodaya** (PS-3937)
B-304, Mangalya Paradise,
Mahatma Phule Road,
Opp. Lokpriya Vidyalay,
Dombivli (West), MH - 421 202
M. : 99202 44205 / 87798 88398

**Shri Laxmichand Premji Momaya**
(PS-6110)
Jagannath Puri Colony,
Behind Axis Bank, A.B. Road,
Sendhwa, MP - 451 666
M. : 98269 07692

### સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

BEING JAIN

# Let's Denounce And Discard Deceit (Maya)



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

Our scriptures state that the world is currently in the fifth 'Ara'(phase) of avsarpini (descending half of the time cycle) full of sorrow and moral cum religious decline. Newspapers call it the 'golden age of scams'. A stanza from a Poem by Sandra Feldman most strikingly describes the men of our times thus:

The Twisters and Turners,
The Spinners and Burners,
How they Lie while they speak!
They fake All they can,
To fool, is their plan,
Spinning for Profit and Power,
Magnanimously, all of us they shower,
With Dirty, Dishonest feats,
They are obviously, Masters of Deceit

These words hit the nail right on its head while portraying the character of people of our times as 'Masters of Deceit'. These men, loaded with deceit – Maya, the third kashay, are very much like the proverbial heron ( Bagla Bhagat) that stands in shallow waters on one leg for long periods of time feigning to be a pious devotee meditating, but in reality it is just a cunning trick to strike at fish and catch them once they become unaware of it's presence.

The root causes of deception; which many studies have identified as the major reasons why people lie are:

i) to obtain a quick and easy gain to suit their desire,
ii) to protect or promote themselves or their image or,
iii) to harm others.

But; as Criss Jami asserts, "just because something isn't a lie does not mean that it isn't deceptive. One who speaks mere portions of truth in order to deceive is a craftsman of destruction." According to Jain philosophy, under the influence of Maya, not only does a person lie but he also presents the truth in such a way that his selfish motives are served. When such Maya is exposed it fleeces a person of all credibility, trust and loyalty. No matter how much a person then presents the truth or supports it, ultimately it remains unbelievable. To twist facts, to pretend to be credible, is fraud. That too is Maya, in which the path of harm is paved for others by painting baseless rosy pictures. Cheating on people's trust and turning one's back on responsibility is also Maya. Maya is the demerit that often destroys the moral integrity of our personality. Maya, in Jainism, means appearances or deceit that prevents one from Samyaktva (right belief). Maya is one of three causes of failure to reach right belief.

Due to deceit, a man becomes condemnable in public. This is the reason why Ashley Lorenza cautions, "living a lie will reduce you to one." Vivekvilas says, "Maya is the cause of misfortune." What greater misfortune than being condemned to be born as an animal (in tiryanchagati) and suffer endless agony?

How does one avert the potential danger of losing face with society or of being reborn in 'tiryanchagati'? The spiritual prescription is: "If you want salvation, then renounce the poison of all five sensual pleasures and drink the nectar of purity, fairness, forgiveness and kindness." From the Jain perspective, purity implies a complete congruence – a correspondence between mind, speech and body. Simplicity of the soul and straightforwardness of nature are the two sides of the golden coin known as Arjav Dharm, the sole antidote to the venom of Maya. Pandit Haribhau Upadhyay assures, "If a person remains firmly on the path of truth, honesty and public welfare, then no evil can harm him."

And coming to think of it, without the qualities like truthfulness, gentleness, compassion and courtesy, can anyone ever be even called a human being?

So let us denounce and discard deceit or Maya, the abode of delusion or Mithyatva and seek refuge in Arjav or straightforwardness the pillar of Samyaktva.

Over View

# KDOs CAN...(Part X)

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



# WIDENING OUR CROWD FUNDING RADAR TO ENTIRE NATION

Traditionally, fund raising has consisted mostly of asking for donations through face-to-face fund raising, such as door-knocking or one to one contact or a phone call or via contacts of influential people.

The earliest form of systematic crowd funding I have come across in our community, was more than century old School Laga system that was practiced at CDO Jain Gujarati School, Gadag. For Kutchies the education was free from day one. For this all KDOs used to voluntarily contribute annually an amount based on their business, e.g. One Rupee per one bale of cotton traded. If numbers could not be worked out a lump sum amount was paid. People engaged in services or retired persons did not pay. No checking or verification of accounts. The system worked smoothly. With this Gadag was in its prime for KDOs. Every second home of a KDO had a relative's child studying at Gadag. Many families continued to remain or new families settled there for this good and free education.

This system was stopped when medium of instruction was changed and school started self generating revenues. Still for KDOs educatìon up to 10th Std. is free even today.

Latest example of successful crowd funding is Sanjeevani Scheme of KDO Samast Mahajanshri and Sadharmik Sahay Scheme of KDO Social Security Scheme and a few of our Goshalas at Kutch. Sanjeevani Scheme has disbursed about ONE CRORE Rupees. A creditable achievement. Goshalas are also raising sizable funds.

For strenthening them and also for other purposes like education and other social causes, including Goshalas, without utilising the funds of the community people alone, I have following suggestions to make.

In recent years, new forms such as online fund raising or reformed version of grassroots fund raising have emerged. They are online crowd funding platforms. One such website fund raiser is Impact Guru (Medical Emergencies). It alone has helped campaigners to raise over Rs. 1500+ crores on this platform. A number of charities and non-profit organizations are increasingly using the internet as a means to raise funds online.

The main platforms in this domain are Impact Guru ( Medical Emergencies), Ketto, Indiegogo, Milaap, Crowdera, Seedinvest, Give India, Catapooolt, fueldream Online Ventures, Syndicatekoon, Fundable LLC.

My humble suggestion to Samast Mahajanshri, Ekkams, Mahajans, our Educational and Boarding Institutions, Goshalas, Trusts/ Associations doing other social and charitable activities to explore, with the assistance of system savvy youngsters, the immense potential of raising funds on these platforms from the entire country and render better services, preserving our community's resources for other laudable causes. Advantages of this methodology are obvious and need no mention. All that is needed to unshackle our minds and traditional thought process.

Life Power

# Compassion Fatigue

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9591279036.**
Pehechaan - A Mission To Help Identify Yourself.



Compassion fatigue is a condition characterized by emotional and physical exhaustion leading to a diminished ability to empathize or feel compassion for others, often described as the NEGATIVE COST OF CARING. It is sometimes referred to as secondary traumatic stress.

Compassion fatigue is mostly faced by caregivers. Since the pandemic we have all been caregivers for some time or the other for our family members, we're all at risk of compassion fatigue.

Compassion fatigue is similar to burnout. But burnout usually stems from having too much work or too many responsibilities. Compassion fatigue comes from helping others—you want to keep helping, but you're overwhelmed from being exposed to the trauma of others.

Like burnout, compassion fatigue is a process. It takes time to develop. It keeps building slowly, to a point where you start to not care about yourself or others in your life. You end up overusing your compassion skills and reserves.

The sooner you notice signs of compassion fatigue, the sooner you can care for yourself and replenish your stores of empathy. Be on the lookout for:

1) Feeling exhausted physically and psychologically.
2) Feeling helpless, hopeless or powerless.
3) Feeling irritable, angry, sad or numb.
4) A sense of being detached or having decreased pleasure in activities.
5) Ruminating about the suffering of others and feeling anger towards the events or people causing the suffering.
6) Blaming yourself and having thoughts of not having done enough to help the people who are suffering.
7) A decreased sense of personal and professional accomplishment.
8) A change in your worldview.
9) Physical symptoms, including sleep and appetite disturbances, nausea and dizziness.

Prevent and treat compassion fatigue.

It's important to take steps to reduce compassion fatigue. Untreated, the symptoms of compassion fatigue can lead to mental health conditions like depression, anxiety, obsessive compulsive disorders and substance use disorders.

"PUT YOUR OWN OXYGEN MASK ON BEFORE YOU HELP OTHERS WITH THEIRS". We need to make sure we are tending to our own emotional and physical well-being and needs while we are involved in providing care for others.

* Finding a balance between your professional and personal life and taking time off if you can.
* Following self-care routines—get enough sleep, choose healthy food, exercise regularly and nurture social relationships.
* Identifying your priorities and engaging in activities that replenish and rejuvenate you.
* Practicing gratitude and being in the present moment.
* Understanding that suffering and pain are a part of the collective human experience, and that you do not always have control over them.
* Focusing on areas that you have control over, including your thoughts and feelings, rather than having unrealistic expectations about changing things that might be beyond your control.
* Seeking professional help if you need it

The bottom line - Helping others without replenishing yourself can be overwhelming and can lead to compassion fatigue. As soon as you recognize some of the warning signs, take steps to care for yourself and stay a step ahead of compassion fatigue.

If you need professional help to cope with compassion fatigue, reach out or connect with us.

## SHREE KDO STUDENTS ASSOCIATION

**From the team of Shree Kdo Students Association**

# Dreaming Big Enough

We are human beings and we don't know our future but we always want a bright future, some of us has great vision they already creates future in our mind. We don't know our limits and we have powers to dream big but some of us do not dream big because they are surrounded by mediocre and they bound themselves in a limit.

Life will only change when we become more committed to our dreams than to our comfort zones. We should break our comfort zone and put in our maximum to make dreams reality. As kerosene is to fire, so is dreams to action. It's that commitment towards our dream that gives us the courage to rise up and move forward even if we fail once.

Dreaming big is absolutely needed if we are ambitious. There is nothing wrong in dreaming big. Dreams are the initial steps that trigger a person's potential and makes them better but, one should also be prepared for the consequences of not being able to make it. Dreaming is good but taking dreams too seriously may lead to depression and other similar things. So, we should dream big and work hard. We should **BELIEVE IN OUR DREAM, LIVE OUR DREAM** and Forget about results. Dreams along with continuous and consistent efforts will surely fetch us good and desired results.

Dreams can be looked at in many different ways. Dreams can be thought as a virtual reality where we can master the entire dreaming world. Dreams can make us more ambitious, gives us happiness. We should always dream big, but make sure to aim high as well. We should not only dream but, we should also work to achieve such a big dream.

We hear a lot around '**dreaming big**', but the crazy part is, rarely do people teach much past that attention grabbing headline. Big dreams... and big results ...are lovely on glossy magazine covers, but the reality is far less glamorous. Behind every big achievement there is a tireless effort which is unseen and a strong mind determined enough to make their dreams a reality. Dreams form an integral part of those who work to achieve big. Mere dreaming without any effort is meaningless. Dreams won't come true until we wake up and start struggling for achieving it.

We should gauge our potential, dream to an extent to which we can struggle and keep ourselves happy. Above that, we should take it as a challenge, but we should not lose our confidence if we lose it.

**Dream to live, don't live to dream!!**

**THE SIZE OF YOUR DREAMS WILL DEFINE THE SIZE OF YOUR SUCCESS. Dream Big, dream high because SKY IS THE LIMIT**.

'The young population of India must have a big aim; small aim is a crime'.

**– Dr. A. P. J. Abdul Kalam.**



**Name : Jinal Vijay Dharmshi Gorakhdi (Dombivli)**

### चार लाईना

खुद से मिलोगे तो खुदा मिलेगा,
मन के आंगनमें ही कन्हैया मिलेगा,
तैरती कस्ती को किनारे की तलाश क्युं?
मौजों से भरा दरिया ही मिलेगा.

## હિતવર્ધક મહિલા મંડળ (હુબલી)

હિતવર્ધક મહિલા મંડળ દ્વારા ૨૬.૨.૨૨ના 'વુમન્સ ડે' અને 'ખેલોત્સવ'નો અનોખો સંગમ યોજાયો. જેમાં '૮૫' સભ્યોએ ઉમંગભેર ભાગ લીધો. આ સંગમના પહેલા ચરણમાં ડૉ. સુનીતા ટંકશાળી (ફેમસ ગાયનોક્લોજીસ્ટ) એ મહિલાના મેનોપોઝ ઉપર ખૂબજ સુંદર સમજણ આપી અને સભ્યો સાથે સવાલ જવાબમાં ઘણા ઉપાય બતાવ્યા. હુબલી કે.ડી.ઓ. ટ્રસ્ટ બોર્ડમાં પહેલીવાર બે મહિલાનું આગમન થયું. સોનલ અજય મોમાયા (સાયરા) અને રીમા અવિન ધરમશી (નલીયા)નું મંડળ તરફથી અભિવાદન કરવામાં આવ્યું.



બીજા ચરણમાં ખેલોત્સવ ઉજવવામાં આવ્યો જેમાં સભ્યોને તેમના બચપનની યાદો તાજી થઈ ગઈ. જેમકે અનોખી સાપસીડી, લીંબુ ચમચી, દોરડા કુદ, હાથીની પૂંછ લગાવવાની આ રમતોમાં નાની મોટી બધી ઉંમરની મહિલાઓએ ખૂબ ઉલ્લાસથી ભાગ લીધો. ખેલની રાણીનો ખિતાબ નિરૂપમા હિરેન પટેલ (નલીયા)ને મળ્યો. ભક્તિ પી. પટેલ(નાગડા)-નલીયા, મધુબાલા એમ. લોડાયા-સાંયરા, રીટાબેન કે. મહેશ્વરી-સાંયરા, હંસાબેન બી. ધરમશી--છાડુરા-(પ્રમુખ), સોનલ અજય મોમાયા (ટ્રસ્ટી)-સાંયરા, રીમા અવીન ધરમશી(ટ્રસ્ટી)- છાડુરા/નલીયા



### હાર્દિક અભિનંદન

ઍડ. મીનલબેન બી. ખોનાને આઈકોનીક કન્ટ્રીબ્યુશન ઈન લીગલ ફ્રેટરનીટી માટે મહારાષ્ટ્રના રાજ્યપાલ મા.શ્રી. ભગતસિંહ કોશ્યારીના હસ્તે મીડ-ડે પાવરફુલ વુમન એવોર્ડ આપવામાં આવ્યો હતો. મીનલબેન કાયદાકીય ક્ષેત્રે ખુબ જ મહત્ત્વપૂર્ણ સેવાઓ આપી રહ્યાં છે.

## HEARTY CONGRATULATION



**Chi. NISHCHAY C SHAH**

[MS Comp Sc, Boston, USA]

## નિશ્ચય સી. શાહ

(એમ.એસ. કોમ્પ્યુ.સાયન્સ, બોસ્ટન, યુએસએ.)

દેવગુરૂની કૃપા અને વડીલોના આશિર્વાદથી એમ.એસ. કરીને ફેબ્રુઆરી ૨૦૨૦મા AMAZON INC, SEATTLE, USA ની કૉર સોફ્ટવેર ડેવલપમેન્ટ ટીમમાં સૌથી યુવાન ટીમ મેમ્બર તરીકે જોડાયા હતા.

WE ARE HAPPY TO ANNOUNCE THAT WITH DEDICATION AND HARDWORK HE HAS ACHIEVED NEW HEIGHTS IN THE ORGANIZATION ACCEPTING ALL THE CHALLENGES DURING THE 2 YEARS. WE CONGRATULATE HIM AS HE HAS BEEN CHOSEN TO BE PROMOTED TO NEXT LEVEL (SD-L2).

**અભિનંદન અને આશિર્વાદ**

**દાદાણા : હિરાબેન જયચંદ શાહ (નાગડા) નલીયા (માટુંગા)**

**નાનાણા : ગોદાવરીબેન દેવીદાસ પટેલ**

**માતા-પિતા : રાજશ્રી ચેતન શાહ, (થાણા)**

**[+91 9223903999 / 9820801707]**



**સ્વ. શ્રી પ્રફુલભાઈ ધનજી મૈશેરી**

(પીપરમેન્ટવાલા), સાંધાણ (ગાંધીધામ)

જન્મ : તા. ૨૮.૧૦.૧૯૫૧

સ્વર્ગવાસ : તા. ૧૨.૩.૨૦૨૧

# પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે
# ભાવભરી શ્રદ્ધાંજલિ

મનુષ્યનું જીવન મળવું એ ભાગ્યની વાતછે,
મૃત્યુ થવું એ સમયની વાત છે,
પરંતુ મૃત્યુ પછી પણ મનુષ્યના હૃદયમાં જીવતા રહેવું
એ જીંદગીમાં કરેલા કર્મની વાત છે.
આપણી હયાતી અમારી પ્રેરણા રહેશે,
આપના આદર્શો અમારા માર્ગદર્શન રહેશે,
આપનો પ્રેમ કદી ભૂલાશે નહીં,
ખોટ આપની કદી ભૂલાશે નહીં !!
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ
આપે એવી અમારી પ્રાર્થના
પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ભાવભરી શ્રદ્ધાંજલિ

: શ્રદ્ધાસુમન અર્પણ કરનાર :

**માતુશ્રી લીલબાઈ ધનજી**
**કાનજી મૈશેરી પરિવાર**
**સમસ્ત પીપરમેન્ટવાલા પરિવાર**

---

With Best Wishes From :

FIBROL

# FIBROL NON-IONICS PVT. LTD.

[AN ISO 9001: 2015 CO]

**Mfr. & Exporter of Ethylene Oxide Condensates & Speciality Chemicals**

**Office:**
B-7/8, Chandra Darshan, P. K. Road, Panch Rasta Jn., Mulund (W), Mumbai – 400 080.
Tel: 022-25923670/ 25928097/ 25918902 / 25915794
E-mail: info@fibrol.com Website: www.fibrol.com
**Factory**:
Survey No. 131, Village- Rasal, Tal- Pali Sudhagad, Maharashtra

*Rajeev Pathak* *Sanjay Nagda* *Nimesh Lapasia*

*(Founder : Late Shri Hirachand V. Chheda)*

# If it's Wealth Creation through Equities then it must be ValueQuest

VALUEQUEST

*Powered by ideas.*
*Driven by Values.*



Wisdom to see,
Fortitude to hold,
Courage to capitalize.

## 18.96% TWRR Returns over 11 years

Value of Rs.1 cr invested in VQ Growth on inception date is now Rs. 6.83 cr




Data as on 30th September 2021.

Contact:
www.valuequest.in • +91 22 24394488
ValueQuest Investment Advisors Private Limited
SEBI Reg No: INP000003724

Address:
QUEST, 1073, Rajabhau Desai Marg,
Behind Beau Monde Tower,
Prabhadevi, Mumbai – 400025

Disclosures: All clients have an option to invest in the product /investment approach directly, without intermediation of persons engaged in distribution services. 2) Performance related information provided in this document is not verified by SEBI Returns. 3) Returns are net of fees and expenses. 4)The Performance figures are aggregate of all clients under respective schemes; the investor's actual portfolio may differ.

Risk Factors & Disclaimers: The information contained herein is obtained based on internal data and publicly available information and other sources believed to be reliable. ValueQuest does not claim or warrant the accuracy, correctness or completeness of the data mentioned herein. Past performance is not a guide for future performance.Readers shall be fully responsible / liable for any decision taken based on this document. Readers should before investing make their own investigation and seek appropriate professional advice. Investments in Securities are subject to market and other risks and there is no assurance or guarantee that the objectivesof any of the strategies of the Portfolio Management Services will be achieved. Clients under Portfolio Management Services are not being offered any guaranteed/assured returns. Please read Disclosure Document carefully before investing. The distribution of this document in certain jurisdictions may be restricted by law, and persons in whose possession this document comes, should inform themselves about and observe any such restrictions.

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**